'કર્મ વિહુણુ કરષણ કરઈ, મેહ નહીં કે ઢાંઢુ મરઇ.'
જુ કદાચિ વાડી પાધરી, જાઈ ચોર થવિ તે ફિરી.
ચઢિ પીપલિ ચઢિ નીચી ડાલિ, 'જા પિઅ લાઢિ પણુ કર્મ નિલાઢિ'

'પાપી ધન શું વિણજ કરેઉ, બેઠી બૂડિ શરસી લેઉ.
એક ચોર પુર માહિ વાસીઇ, સારૂ નયર તે ઉજાડોઇ.
એક કપુત્રિં કુલ સારૂં રલઇ, સૂકઇ બલતઈ નીલૂં બલઇ : ૧૦૬

કન્યા વેચી વિવાહ કરઇ, છાંડી સ્વર્ગ નરક પદ લહિ,
પૂરવ પુરૂષ હરિષ પાંમશિ, 'વીસ વિસા' જવ કરિ આવિશિ;
યમ કિંકરિ દીધાં અધિક વિતાં, 'પઈહૂ ઊટ બલા હાકતાં.' ૧૦૭

પુણ્ય વિના નવિ પાધરૂં ક્ષેત્ર, પુણ્ય વિના મો વિણસઈ વેત્ર;
બીજુ વિણજ કરઈ અપાઈ, 'કરઈ પાધરૂં ઊંધૂં થાઈ.'
પુણ્ય વિના દુઃખ દારિદ્ર નડઈ, 'બઈઠું ઘરિ કુહાંડાં ઘડઈ.' ૧૦૮

વીરશિ જાતાં પાગ નવિ વલઈ, પર કારણિ ગાઢેરૂ પલઈ,
સાંભલવા ક્ષણુ ક્ષણુ નવિ ગમઇ, ગુરૂ સેવા નવિ નૈરસ વમઈ,
લોભિ અતિ આરાસુ ધાઈ, 'ઉઠયુ લંક જોઅણુ નવ જાઈ.' ૧૦૯

માતા પિતા મારગ દાખવઈ, સજન લોક મિલી શીખવઈ,
ગુરૂ સ્મૃતિ વાંણી સાંભલિ દેખઈ, નૃપ થરિ દંડાફલઇ.
એતાં વારીતાં કર્મ કીધ, 'મુંહંતુ ગાધહ ચોરે લીધ.' ૧૧૦

કરણી નવિ દેખઈ આપણાં, લોક ધર્મ દેખાડઈ ઘણા,
શીબલી ફૂલ મજ માહિ અહઇ, બાહરિ શોભા જોઈ વહિ,
કહિ કારણિ નવિ ખરચ્યું રૂઉ, 'ઉખરલી ખાટિ ચંદ્રૂઉ.' ૧૧૧

યોગી મિલ્યુ જડી દાખવઈ, બ્રહ્મચારિ વિષયા ગુણ્યુ ચવઈ,
જ્ઞાની ઘરિ બઇઠાં આવીઉ, ધાત કરૂં કહિ કાંઈ દીઉ.
પૂજિ મ જાંણી એ હવા પાત્ર, 'ઘર શરખી એ નુહિ જાત્ર.' ૧૧૨

ધાતુવાદિ કરઇ ધન આશ, અધિકા આંગિ સૌખ્ય વિલાસ,
ઘરિ વામાત્ર પુત્ર કલપીઈ, તૃષ્ણાપણુ જમલ જલ પીઇ.
મૂઢ મનોરથ કૂડા ઘટઇ, ' કોઠી ધોતાં કાદવ ઉમટઇ. ' ૧૧૩

ઘરિ ઘરિ વેદ મ વ્યાખ્યા કરૂ, રાખી મનિ યજ્ઞ ઉદ્ધરૂ.
શ્રી ગુરિ જ્ઞાન કહ્યું તુઝ ગૂઢ, તે સઘલિ સંભલાવિ મ મૂઢ.
ગોપ્ય પદારથ પ્રગટ મ ચવું, ' સૂંઘી સૂંઠિ મહારે મણુ. ' ૧૧૪

સુખ ભોગી નઈ સાખ્યજ લહઇ, ગોપી શવે સ્વર્ગ સંગ્રહઇ ?
' ઇંદ્રિ નિગ્રહ મુક્તિ જુ જાઈ, તુ પશુ પાર પાજ નવિ આઇ ?
' શ્વાન શકટ તલિ ભાર વાહાય, મનિ માંડા તુ લૂખા કાંઈ ?' ૧૧૫

આવી નઈ થરિ દેવ્યા રહી, ઘરનઈ કાજિ પડ્યાં કિહાં ગઈ ?
ગ્રામ તણી આરતિ જૂ જૂઈ, તે ભાંજેવા સમરથ થઈ !
એસ ગરોહાનુ પૂજીઈ, ' યમ આંધિ આંધૂ ઠેલીઈ. ' ૧૧૬

જે મનસા વાચા કૃત કર્મ, અણુ ભોગવવા કરશું શર્મ,
હર હત્યા નવિ તીરથ હરઈ, છાયા રૂપ સંઘાતિં ફિરઇ,
જે અક્ષર લખીયા પટ ભાલિ, 'સુર તણી કિહાં જાઈ શીઆલિ'? ૧૧૭

જણુ જણુ આગલિ ગુઝ મ પ્રકાશિ, અંતર આંણી મોટી આશ.
' માગંતા નવિ મુહુગા હોઈ, ' સહિજિ શ્રી નર પામઈ સોઇ,
કિમ મુહુગૂં મૂલિં વેચાઈ? ' આડિ ચઢયૂ જોધુ ખડ ખાઈ. ' ૧૮

બહુ બોલંતા કહિ લવાર, કઠિણ બોલ જિ [પર] ઉપગાર,
વિણુખા હેઈ વિચારી જોઈ, ' છેહા છિદ્ર વિના નવિ હોઈ, '
સત્ય બોલંતાં નુહિ હાંણિ, ' પાડુ માંકઈ ખીલા પ્રમાણિ.' ૧૧૯

કહિ મંડણ જાંણુ સાર, મધ્ય ઉખાણા તણુ વિચાર.
જે બોલ્યા મૂરખ મહા મતી, તે સુધા કીધા ભારતી.
જે શમથા પૂરી પદ કીધ, ' ભાચક.યમ ધૂઆડુ લીધ. ૧૨૦

ઇતિ હાસ્ય વીસી.

મૂર્ખ વીશી.

'મૂરખશું મન કરશુ સંગ, 'રંગ માહિ તે કરશિ ભંગ.'
'સોના ઝાલ મ પાંણી ખોઇ,' 'મહૂ માલિ ચડાવ્યુ કિમ ટોહિ ?'
'કેહનંઇ રાજ કરાવ્યું કરઇ, માતુ બોકડ મુખિ મૂતરઈ' ૧૨૨

ચે શીખામણ દીધી ખરી, દુર્બુધ્ધી નઈ લાગઇ ફરી.'
ચે અંતરિ ફૂડી કોથલી, નવિ સાંભલઇ 'બુકી દલી'.
સ્વામીનૂં સરયૂં કિમ ટલઈ ? મડૂં મસાણુ ન પાછું વલઈ ૧૨૩

દુર્જન જીભ ન સીરી હોઈ, સજન સાહુ પૂઠિ વિગોઇ.
દીધૂં મહુત બહુ જન મલી, 'ફૂટણહારી ચોહાણી વલી.'
'નવ મોદક એલચી મસાંણિ,' આંખે દેખી ન સકિ અજાંણિ.' ૧૨૪

ચેહની શીખ અર્થ સાંપડઈ, પામઈ સુખ દુઃખ ક્ષણ નવિ નડઈ.
'કીડા કીટ કપૂરિ નવિ કરઇ, વિષ્ટા વાયસ આસ આવરઇ.'
'કડઈ બોલિ લાગઇ આંણ, કિમ 'ગર્દભ ગુરવનુ જાંણુ'? ૧૨૫

પહિલૂં વચન ન કીધૂં તાત, બીજી લોપી ગુરની વાત,
લોકે પુરણા ન કીધી રીતિ, ભય ભૂપતિ ન આવ્યુ ચીતિ,
'વારીતુ નર પ્રાંણિ પલઈ, જાં ન ભીતિં શર આફલઈ.' ૧૨૬

સજન ધર્મ દેખાડઇ ઘણા, કિમ મન માનઇ મધ્યમ તણા ?
'સ્વર્ગિ થિકી આવી કહિ બાપ, તુહિ ન છાંડઈ અંતરે પાપ.'
'યમ' 'અસતી પતિ વચન ન સહિ,' 'હસ્તી પહલાણ ન
ગાધઇ ચડઇ.' ૧૨૭

વેગિ પાપ વિરાંસિ કર્યાં પરિભવ પૂર સરોવર ભર્યાં,
'જુ પહિલૂં કર ઘાલ્યા હઇઇ, તુ બાઇ કહિ કિમ છટીઇ, ?
'સૂડકરણ ગુણ આવ્યા હઇઇ, શરમૂંડી મૂહુર્ત્ત પૂછીઇ.' ૧૨૮

દારિદ્રી દીઠાં સજનાં, વિલસંતાં વિપરીત વાસના,
પામરનૂં મન હઇઇ ગયૂં, સત્સંગતિ વિણુ વાટ ન રહ્યું.
' નીલૂં દેખઇ ભીંપી ભણી, પૂઠી ચક્ષુ ભાદ્રવા તણી ' ૧૨૯
જ્ઞાન વિહુણુ સમૃતિ શું કરઇ? 'બહિરા બોલ ન આવઇ વરઇ.'
વિનઇ નહી જવ વ્યંકુ હેઇ, ' કુહિ નાકિં ગંધિ કિહાં લીઇ ?
' પામર શા પ્રતિબોધા વરઇ ? અંધ અરીસુ કહિ શૂં કરઇ ? '૧૩૦
' આંણીતાં આઘેરૂ જાઈ, વારીતાં વાંકેરૂ થાઈ.
' સ્વાંન પૂંછ નલી ખટ માસ, તુહિ ન છંડઈ વંક અભ્યાસ.
શીખ દેઅંતાં સાહમું ભડઇ, 'મુલિ લોહિ ન પોગર ચડઈ.' ૧૩૧
હીનમતી નઈ આદર કરઈ, તનું અહંકાર ભારિં આવરઇ.
મુહુત દેઇ મનાવઇ કોઈ, ' વીંછી કાંઠુ અધિકુ હોઇ. '
' નૈરસ કાઠ ન ભાજઇ નમઇ, આખી છાશિ ન પાંણી ખમઇ.' ૧૩૨
મૂરખ નઇં દીધુ ઉપદેશ, ઇતર તોષ્યુ આણુઇ રેસ,
' યમ ભુઅંગમ પાયુ દૂધ, સાજુ શીહ મૂકાવ્યુ રૂધ.
સામૂંહુ સંભારિં પુર દહ્યું, 'ગહિલા ગામ મલા વશિ કહ્યું'. ૧૩૩
દુર્જન જીભ ન સારી હોઇ, સજન સાહમૂં પૂઠિ વિગોઇ,
દીધૂં મહુત બહુ જન મિલી, ' ફૂટણહારી ચોહાણી વલી.
'નવિ મોદક એલચી મસાંણિ, આંજી દેખી ન સકિ અજાંણી.' ૧૩૪
' પાસ વિના નવિ લાગઇ રંગ, નારી સતી નવિ મોડિ અંગ .
કુલવંતી વિણુ શીખ ન ગ્રહઈ, છિદ્ર વિણુ કો છિદ્ર ન કહઇ.
'કંબલિ ખૂંલંબી ન પાડઇ કોઇ, જાતિ ભાતિ પડઈ નર જોઇ. ' ૧૩૫
ગુરૂ શીખામણુ સારી દિઇ, મનસા મૂઢ ન આવઈ હેઇ.
સારા બોલ તે સઘલા ગલ્યા, ' સમુદ્ર માહિ સાતૂ યમ જલ્યા.
' નીલજ શુદાક ઉગ્યુ ખીજડુ, સાહૂં કહિ હોઉ છાંહીડુ. ' ૧૩૬
વિષ્ણુ ભક્તિ વિદ્યા આવડી, ' ન વીંટીઆ વીંટી સાંપડી. '
'બાંધી પાહાણુ જાણુ કિમ તરઇ' ? ' આપિ મરઇ બાપ શું કરઇ ?

કોઆચિ કેલાં લેવા મલી, ' ' મડઇ માંસ ન ભૂખી ડાકિણી. ૧૩૭
સાચાં કૂડાં કારણ જોઇ, પુણ્ય પાપ વિપરીત ન હોઇ.
બ્રહ્મ શૂદ્ર સુત રાજા રંક, ' સંગતિ નાહ્નાં શરખા અંક.
બ્રહ્મસૂત્ર રાજા છત્ર ધરઇ, ' જે જેહ્વા તે તેહ્વા શરઇ ' ૧૩૮
ગ્રંથ માંહિ મુનિ બોલ્યા મર્મ, પર કારણિ અતિ કીધુ શર્મ.
પુણ્ય વધારી ખાંડયાં પાપ, ' વારી અંગિ હોઉ પ્રતાપ. '
સ્રતિ વાંણી કિમ કૂડાં ખમઇ, ચોર ચાંદ્રણું કિમ ગમંઇ ? ૧૩૯
એ અભ્યાસ આયસ યે કરઇ, શીખતાં શુદ્ધ હૈયડઇ ધરઈ,
યે પદ માહિ કર્યા પરમેહ, આદરતાં નવિ પામઇ દેહ.
માંડણુચુ સ્વામી પ્રતિપાલ, ' ગાઈ ચારઇ તે ગોવાલ ' ૧૪૦

ઇતિ મૂર્ખ વીશી.

અદ્ભુત વીશી.

સંગતિભાવિં ઉવટિ સાંચર્યું, આપમતિ અહિંકારિં ભર્યુ,
મેહ્લંતાં મનિ આવિ લાજ, અણમૂકંતાં વિણસઈ કાજ,
માંન પુણ્ય મન બિહુ પરિ બાધ, ' સસરૂ વૈદ્ય કઠાહુરઇ ખાધ' ૧૪૧
દયા કરી પરપીડા લેઇ, અવગુણુ બોલિ પુણ્ય નુ ગ્રહીઈ,
દુષ્ટ બુદ્ધ હોઉ અપગાર, કીર્તિ કર્મ ચડયુ અધભાર.
' ડાહ્લા સવહું મિલી એકજ બુદ્ધ, યેહવી મનસા તેહવી શુદ્ધિ ૧૪૨
ઉધમ કરતાં ન ફલી આસ, દેવ તણુ આગલિ થયુ ત્રાસ,
દેવ દેવ કરી બિશી રહિ, કહુ ઉદ્યમ પાખઈ નવિ લહઇ,
જો ઉપરિ ઉદ્યમ દૈવહ તણી, ' એક ડાવી બીજી યમણી. ' ૧૪૩
યે ધન ચોરિ આપણું હર્યું, કહિ લહિણું કિ દેણૂં કર્યું;
'વિણુ અપરાધ દીધ પરિહાર, કહિ વલ વાલ કઈ આગલિં ભાર; '
એ તુ કો નવિ લહિ વિચાર, ' ધવ ચીકણા કઈ બૂઠા કુઠાર. ' ૧૪૪
વિનિ વિવેકિ છાંદા ચવઈ, પ્રતિબોધિ નંદા પરઠવઈ.

વઇરાગી વઇદાગી કહિ, ધર્મ પુણ્ય નવિ અંતરિ લહઈ,
'એકઇ કાહિ કાંઇ તમે હણું ?' એ વિરાંણુ દીકિરા તણુ.' ૧૪૫

'જુ પગિ બેડી સોના તણી, આયસ ખેપ ન અધિકુ ગિણી'
જુ ચંદન મલિ ચરચ્યુ દેહ, મર્જનિ સિદ્ધ પખાલિ એહ.
'પંકિ પંક મ ધોઉ આપ, તિજિ શુભાશુભ ટલઇ સંતાપ' ૧૪૬

મઈલિ વાસસી નહીં વઈરાગ, નૂમલ એકજ પરઠઇ દાગ.
વૈષ્ણુવ ગ્રંથ એકઈ પાતકી, અન્ય ઘણે કહિવાઇ સુગી.
'મોટાં મરણ મૂરખનઈ રાજ,' પઇલા ઊખાણાનૂં કાજ. ૧૪૭

'ઘરનાં પાતક તીરથિ જાઈ, તીરથનાં કોટી ગુણાં થાઈ'
પાપ અજાંણિ લઘુ લેખવુ, જાંણિ મેર સમાં ભોગવુ.
વિણુ વિશ્વાવાસ વાહારિ કુંણ ધાઈ?'દીહિ ચડયું ચૂહુડું લૂસાઇ' ૧૪૮

અણુપૂજિ અવિગત પદ લહિ, મૂરતિપૂજ કો બીજુ લહિ !
કૌલક મતિ તહ્મો કાં વેધીઉ? 'મામા સાપ કહિતાં કૂટીઉ'.
નિર્ગુણ મારગ કાં આદરૂ?, 'સાપ તણા મામા થઇ સરૂ.' ૧૪૯

વેદ પુરાંણ પંથ પરહરિ, વાગ બ્રહ્મ કો બીજુ કરી, ?
અક્ષર જગ પેખીઉ પાષાણિ, વેદાતીત મ જોઉ જાંણિ.
નિર્ગુણ મારગ કાંઈ આદરૂ?, 'સાપ તણા માંમા થઈ સરૂ.' ૧૫૦

નિર્ધન ધની પ્રતિ નવિ મિલઇ, જાણિ મિત્ર દ્વિવારિં ટલઈ.
'નાનું નિરતું વદઇ તે વાઈ, હાથી ઢંઢોલિં ઘર જાઈ..'
'ભૂખ્યુ વેચિ મહિલા આપણી, કુમાર્ગિ કુધારા ભણી.' ૧૫૧

દુર્બલ યે યે કરઈ ઉપાય, તે 'શવિ આટા રેહણિ જાઈ'
'રાઅણુહારી ન વંધ્યા મૂઈ, કૂંચ મૂંડામણ યમ પાવઈ'
મનુષ્ય મૂત્ર કાઢી કલ્પ જોઇ, 'માંકડ મરણ હુશારથ હોઈ.' ૧૫૨

જેતલિ નરિ લીધી આખડી,' આવ્યું નહી ઊપરિયું જડી.'
'વાવ્યું બીજ તણું અધિકાર, ફલ વાંછઈ વિણુ વાધ્યા દાર.'

'ચેતલઈ ખણ્યૂં નથી તલાવ, જલ માહિ મગર ૧૫ઠુ આવિ.' ૧૫૩
દીસિ રૂડાં બ્યંઠાં ચીત, 'વિણસણકાલિ બુદ્ધિ વિપરીત.'
'જુ ચંબા દેખી ચક્ષુ ચલી, ઘાલઇ સાપ મુખિ આંગલી.'

'કિમ નવિ ઊપજસિ તે કાલ, 'જુ ચીભડે નીસરી વિરાલ.' ૧૫૪
મૂરખ મૌન વરત આદરૂ, 'બીર ભલા અભલા પરહરૂ.'
નારિ મંપુંસક સંગ મ કરૂ, વિનુ વિરાગ કાં નવિ આવરૂ ?

'આલસ લાઈ બઇસુ રાખ, 'બાધી મૂંઠિ લહિ એક લાખ.' ૧૫૫
જનમ મરણ મધ્ય મોટાં કામ, 'બોલ્યુ બિરદ દીધી બદાંમ,'
'દની માહિ દાતારે રાઉ, ગાંમગલમાંણુ શેઠિ યસવાઉ.'

ફીડા વચનિ ન આવિ ધાત, 'ઢંકિ વહુએ પ્રાછી વાત.' ૧૫૬
પંડિત પેખી કૂડાં કવી, જાણિ સમકિત આવઇ હઈ.
નવિ નેસાલ પેખઈ ગુરૂ છાત્ર, વિભચારણી પેખઈ પતિ ગાત્ર,

'વેશ્યાપુત્ર પિતા ન કહાઈ, દેખી સાપ દીવુ ઊંડાઈ.' ૧૫૭
જીવ અસુર તણાં હરખીઇ, કુંભી નર નિઃસંતા જઈઈ.
મેછન મૂકાવુ કરિ ચડી, 'ઉકરડા વાંછઈ ગાવડી,'

એ ટાલઇ તહ્મ પુણ્ય વિરા, કિમ 'માંગલિં જાઇ દીકિરા ?' ૧૫૮
'વેશ્યા વિણુજ અરથ નઇ ભોગ, વરતણુ વ્યાસ પુહુચિ પુણ્ય યોગ,'
કુસમ સુગંધી વરતણુ સાર, હરિ નાંમિ ધરિ વિલસુ સાર.

'પૂરણ ઉદર નઇ રામતિ રાજ,' એ ઉખાણુ 'કાજિ કાજ.' ૧૫૯
જોઇ જાઈ નંવિ કેણઈ જંમ, મંડણ સૂધુ મોડુ મર્મ.
રામનામ એક રહુ અનુસરી, એ 'શીંગે સાંકલ ઉતરી.'

હરિ વારણ હરિ કેવલ લીઉ, એ 'કાંટિ કાંટુ કાઢીઉ.' ૧૬૦

ઇતિ અદ્ભુત વીસી.

રાજનીતિ વીશી.

' શાસ્ત્ર ન સાક્ષી સાહઈ હાથ, પૂઠિ પુરાણ ન પાડઇ બાથ,
સ્મૃતિ ભૂસટ માયું ન કોઈ, સહગર સાથિ ન આવી જોઈ.
અન્ય જનમાંન કરૂ વિખાંણ, 'આકની લાકડી રાઉલીની આણ' ૧૬૦
હંસા વિધિ સ્વર્ગિં સંભલ્યા, કઇ ઉપગારિ રોરવિ રલ્યા.
કે કૂડં બોલે ઉધ્ધર્યા, કે સાચઇં અઘભારિં ભર્યા.
વાંણી વેદ વિચારૂ એહ, ' રાઉ માનઈ પૂર્વ દેશ તેહ.' ૧૬૨
કે પોખ્યા અન્ન આંણી દયા. કે પોખ્યા મુનિ સૂધી ક્રિયા,
પ્રીતિ કરી પોખ્યા વૃક્ષ વારિ, પોખ્યા પૂર્વ પુરુષ સંભારિ.
દુષ્ટજીવ માંજર મ પાલિ, એ ' વાટલી ત્રાટલી નીકાલિ.' ૧૬૩
ભુલુ પંથિ પલુ વિપરીતિ, પૂંછું પાછા વલવા રીતિ,
સુદ્દ ગુરૂ વાણી જુ સાંભલી, તે કાં મેલૂં પાંમી રલી ?
દીધ દોષ કાંઇ નવિ લહુ? ' જાણી વાટ સખાલી કહુ.' ૧૬૪
જુ દેખઈ ડાંડુ પાધરુ, તુહિ 'રાજમારગિ સાંચરૂ'
સ્વર્ગ દેખાડઈ જુ ટૂંકડુ, તુહિ સ્મૃતિ મ મેલું થડુ.
'સુવર્ણ છિરિકાપેટિ ન ગિલઈ, ઉજ્જઈ પાંણી ઘર નવિ બલઈ.' ૧૬૫
પાલી પ્રજા ઉસના રાઉ, કાયર ચ્યંતઇ અન્ય અપાય,
નીતિ ન નિરતી અંતરિ ચડી, ' અહરિ મુક્તિ રહી રડવડી. '
રાજધર્મ ના હુઇ આપણું, ' નાચણહાર વાંકૂ આંગણું ૧૬૬
ગૃહી ધરિ પ્રોટિમ જાંણી નહી, 'રડવડતી મુક્તિ છઈ કહી.'
' કલ્પવૃક્ષ આંબ્યુ આફણી, આંન વિહુણે નાંખુ ખણી,'
' વાહિ નાચ્યૂં વગડામણું', નાચણહાર વાંકૂ આંગણૂં. ૧૬૭
જઇ નઈ વનિ વિગૂવઇ કેય, તપ તીરથ ફલ ન સકય લેય,
મઈ ઘર મૂંકીનઈ શૂં કીઉ, ? પવનસાધ ના પદ પેખીઉ.
વાહિ નાચ્યૂં વગડામણું, નાચણહાર વાંકૂ આંગણૂં. ૧૬૮
પવનસાધનાં નાચ્યુ મેલિ, કહિ ' સ્વામી આંહાંથી ઉવેલિ.'

ગુહી વિના નવિ કો ઉધર્યું, 'પુત્ર પજાવા પાખલિ ફિર્યું.'
'ભાર બઇઠુ મિરીડા ગિણૂં,' 'નાચણુહાર વાંકૂ આંગણૂં' ૧૬૯
પુત્ર સવિચારુ પિતા પૂંજીઈ, શામા સાર શેવ પતિ લીઈ.
સ્વામિ ભગતિ ઉલગૂ વિચાર,' યે યેહનઇ તે તેહનઇ સાર.'
પાંમિ મોક્ષ ન આદરવિણૂં, નાચણુહાર વાંકૂં આંગણૂં. ૧૭૦
ઘરમાકુલિત શીત સુખ કરઇ, સીતાકુલિત અગ્નિ આવરઇ,
ઘરવટ વાડિ પાંચ મિલી જાઈ, મનિ પરિણાંમ સ્વજન સમવાઇ.
રાજપીડિ શમઇ કિમ કોક,? 'વ્યાસ કુષ્ટિ એ પડીયા લોક.' ૧૭૧
યેહ શરિ અવની દીધુ ભાર, મેહલ્યા લોક મહાતી સાર,
ગહિલા ગર્વ ધર્મ્મ નવિ જોઇ, અર્થ કારણિ વ્યર્થ વિગોઇ;
ભેદ ન જાણઇ ભૂપતિ ભૂર, 'વાઇ અલગા ડાંગે તૂર.' ૧૭૨
'દેશમાહિ યે વરતઈ પાપ, તે ભૂપતિ યમ દેસિ જાપ;'
'ગ્રાંમ તણાં ગ્રામધિપ સહિ, વર્ણ વર્ણવડાં નિરવહઇ.
એ સત્ય વાંણી આણુ ઘડઈ, 'ઊટ મરઇ કાપડ શરિ ચડિ' ૧૭૩
રાજધર્મ સાંભલીયાં રાઉ, અવની સુખ નર ચડિઇ ઉપાય;
યેહ પ્રધાંન નીતિ નવિ લહિ, પીડિ પ્રજા ભૂપતિ નહી કહઇ.
'શીહ પ્રણાલિ ગયુ નિસરી, ઉટ બારિ ન માઇ ધરી.' ૧૭૪
કો કન્યા વેચી વૃત્ત લીઇ, કો ભૂપતિ પ્રજા પીડોઇ,
કો સુત માગઇ જૂ હરે તાત, કારણિ કલત્ર સંતાપઇ માત;
'લાગૂં ગાલિ ગલૂં અતિ ઘણૂં, કો પલ ખાસઈ પીંડી તણૂં ?' ૧૭૫
અવનીપતિ અતિ પાલઈ લોક, જાંણી એ નિધિર ખિતારો લોક,
ધનલોભી ભવિ ભરઈ ભંડાર, શેવા સ્વામી કરેવા સાર.
પ્રજા પીડિ કરઇ સુરસાદ, 'વેચી ગજ અંકુશનુ વાદ.' ૧૭૬
શૂદ્ર શશ્રૂષા સુધી વાટ, પાંમ્યાં સુખ વિપ્ર પૂજ્યા માટિ,
તીરથિ બઇઠાં જન જાઈ, પાલા દ્વિજ મુખિ સ્વાસ ન માઇ.
જાત્ર કરી ગુરૂ પીડા પાદ, 'વેચી ગજ અંકુશનુ વાદ.' ૧૭૭
ધર્મ્મ વદૂં સાંભલીઉ કાનિ, પ્રીતિ કરી બઇઠુ વિષ્ણુ સાન;

ન્યાતિ આપણી અલગુ કરૂ, ફિટ ફિટ થાઇ લોકિ ફિરૂ.
વામી યશ શું એ ઉન્માદ, 'વેચી ગજ અંકુશનુ વાદ' ૧૭૮
ગીત કરી ગાઉ ગોવ્યંદ, વાંણી વિશ્વરૂપ રતિ છંદ,
રાગિ કરી રીઝાવુ રાંમ, મહિમા મ ાવુ નિતુ નાંમિ.
' હરિ મેલ્હી નર કરસિ નાદ, 'વેચી ગજ અંકુશનુ વાદ ' ૧૭૯
લક્ષ ચુરાસી ધરીઆ દેહ, માનવ ભવસુ અધિક સનેહ,
વાણી આવઇ વિષ્ણુ વખાંણુ, તુ મંડણુ અવતાર પ્રમાણુ;
ધિક માનવ [જુ] હરિ પ્રમાદ, વેચી ગજ અંકુશનુ વાદ. ૧૮૦

॥ ઇતિ રાજનીતિ વીસી ॥

વૈરાગ્ય વીશી.

નરિ ધન મેલી આશાપાશ, વિલસઈ કુટુંબ ભોગવઇ આપિ,
'પરમાનંદ દીવાલી કરઈ,' 'સુપડ કાકરડા સંગ્રહિ,'
' પડયુ કુટંબા એણુ અપાય, માંકડ નાચઇ યોગી ખાઈ' ૧૮૧
તડકુ શીત વર્ષા શરિ પડયાં, ઉદર ન પૂરૂ વિણુ રડવડયાં,
અર્થવિનાશ વિછાંડયા ભોગ, મન વિના તનિ સાધુ યોગ.
' ફૂલ વંછું મુનિ મારગ લીધ, 'કરૂં કરાવૂં ફોગટ કીધ '. ૧૮
કાજ શવહૂંનઈ હરિશું સરઈ, ધન કેડિ કહિ નાવઇ પરઈ.
પુત્ર કલત્ર છાંડઈ જીવતાં, કેડિ ફૂડાં દીધ ન મતાં.
તેહશ્યૂં મોહ ન આવઇ લાજ, 'કાખલિ બીનઈ પાખલિ કાજ'. ૧૮૩
વનવાસની વિસમી વાટ, ઘર ઊબર દોહિલું ઘાટ.
જુ માયા મેલ્હી નીસરૂ, [તુ કાં મોહ કટંબિ ધરૂં ?]
' કાલા કાંઈ ન કાશી જઈ ? ભઈરવઝાંપ તુ ખિસતી કાંઇ ' ? ૧૮૪
મન છંડશઈ આતમારામ, તિહાં વલગી રહિ બાંધી માંમ.
પૂછિન એણુ ભમર પતંગ, હસ્તી મીન ભૂલા તનુ ભંગ.
ઇંદ્રિઅવસિ થઈનઈ કાં મરઈ. ? ' પાંચ ઘર ડાકિણિ પરહરિ ' ૧૮૫
પરમહંસનઈ પાપ નવિ ગમઈ, મન માનૂં જુ મોકલિ રમઈ.

જિમ જિમ આતમ હરિ અનુસરિઇ, ઇ કોડિ મૂંઝંતાં સરઈ.
'યમ યમ રાઉલિ વરૂ જાઈ, તિમ તિમ ભંડારી દુર્બલ થાઈ!'૧૮૬
'ભૂપતિ પાશિ અમોયત જાઈ, સહજિ આય સંકોચી થાઈ'
યમ યમ દૂરિ પડિ પરધાંન, 'દૂર વસારા ન લહઈ માન.'
આપિ આપ હણ્યૂં કિમ ગમઇ? એ 'પગ પેટજ દેહાગમઈ.'૧૮૭
માયા મમતા આશા બીર, કાં થાઈ કરિ તૃષ્ણા થીર?
એ ચિઉી ઘર તાહારા તણી, તે શવિ કરૂં ગુરૂ શા ભણી?
જુ તૂં તેહનઈ માથઈ ધણી, 'રાઉલી આંણુ સીદાશિ આફણી.'૧૮૮
દમ દક્ષા વિણુ ન રહિઈ કાંમ, ક્રોધ ક્ષમા વારેવા ઠાંમ.
શમઇ સંખ્ય લોભ કલ્પના, મોહ ન વરઈ વૈરાગ્ય વિના.
મારિન મનસા નારિ સોહવસી, 'કમરિ કટારી ઢીક ઉપરિ કિશી?'૧૮૯
ચે ઇંદ્રિઇ મન આવી રહઈ, તે ટાલી અન્ય ભોગ નિગ્રહઇ,
'કહુ કિમ નીગમીશિં કાલ, જુ લૂશી લિશિ રખવાલ.'
કરઇ 'કાછીઉ કિશુ ઉપાય, જુ એ વાડિ ચીભડાં ખાઇ?'૧૯૦
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, જાતાં દુઃખ દેખઈ અતિ અંધ.
જુ આપણપૂં છાંડી રહિ, પાછલિ સોખ્ય અનંતા લહિ.
કાજિ ન કહિનઇ આવઈ સોઇ, 'એ પાંચિ પીઆરાં હોઇ' ૧૯૧
શ્રવણ સુણંતાં રાખુ વાત, અંખિ વસી નવિ આવઈ ઘાત;
જુ પદ પાણિ કરી ગ્રહ રહ્યુ, તુ મન કલપઇ સુહુણાં લહુ.
કૂડ કટંબ તણુ એ સંચ, 'એ અંગલી ન શરખી પંચ' ૧૯૩
ઇંદ્રિ ત્યાજિ તિજ્યુ સવિ સ્વાદિ, સુખ દુઃખ મેલ્હી પાડ્યુ સાદ;
વિસન ભિસન બોલેન વૈરાગ્ય; મેલ્હી માયા ભયુ વૈરાગ્ય,
સાંન વિહુણુ સંસારી હસઈ, 'બાંધે કણુબી ગામ ન વસઈ'. ૧૯૪
ઘર મેલ્હી નર નાગુ થાઇ, વિકલ વરાંસઇ જોવા જાઇ.
ઇંદ્રિયનુ યોગીશ્વર નાંમ, પ્રતીનિ ઇસ કરઇ પ્રણાંમ,
જનની આનંદ વરે નિકટ, 'વાજઇ દેઉલિ સાજા ઘંટ'. ૧૯૫

જુ દેખિ તુજ દીધી ગાલિ, તુ પહિલી મ પાળી વાલિ.
જુ એકિ હર્ત્રાણુ હેઇ, તુ અધિકી કાં બોલાવીઇ ?
અમં સુણીનઇ કાં તડફડઇ ? 'બાઇનાં ફૂલ બાઇનિ ચડિ.' ૧૯૬

જે જે વઇરપણું લેખવિ, તે જાણે મિત્ર તાહરા થવે.
જીભ હલાવી પાતક પોઈ, તે કાલાં સઘલાં તવ જાઇ.
કરચિ ન દહિ કલાવન મજ, 'છેદી નાક કરઈ અપસકંજ!' ૧૯૭

ન્યાની સુણુ શાંતિ કહઇ, ખારિ વરત અચાચી વહિ.
હરિભક્તા હરિપાંશુ ઝિરઇ, 'ઢૂધિ વછ પૂંછ ફરહરઇ.'
'કાલુ ગુલ સવાદ ન કહિ, હસતાં હરખિ અંતર લહઇ.' ૧૯૮

જે જન સૂધા લાગી શીખ, છાંડી રાજ સ માગી ભીખ.
ભૂધર કાપિ કરઈ પ્રસાદ, સપ્તા ગિર તેજિ લહઇ લઘુનાદ,
વરિ પુત્ર મૂઢ સાંસઇઇ, 'વર્દ્નતુ લડસડટ ભાંજીઇ.' ૧૯૯

રતિ બોલી અરતિ વિલસીઇ, તનુ આધાર આહાર બહુ લીઇ,
આરા ગ્રહ પસારઇ પડયુ, હરિ ધ્યાએ હરવા તડફડયુ.
અક્ષર એકઇ અધિકુ વલ્યુ, 'આંગલી આપતાં પુહુચુ ગલુ.' ૨૦૦

પ્રથમા અંકૂરી એક પરા, પરા અંકૂરી પશ્યતી વરા,
પશ્યંતી કુણુ મધ્યમા કરી, મધ્યમા અંકૂરી વેખરી,
પરાત્પર વેખરી કિમ કહિ ? મંડણુ નામ લવારી કહિ. ૨૦૧

ઇતિ વૈરાગ્ય વીશી.

સજ્જન વીશી.

કુલવંતુ નઇ ક્રિયા ઘણી, ઇંદ્રય વશિ નઇ તીરથ ભણી.
ધન પૂરિત નઇ અંતરિ દયા, વિનય વિવેક નઇ ભૂપતિ મયા.
શ્રાધ્ધ પાત્ર નઇ મલ્યુ રવિ રાહુ, 'મા પીસણુઇ ગુહુઆનિ વીવાહ.' ૨૦૧

નિર્મલ કાયા નઇ નિરોગ, બીજઇ આશ્રમિ પામ્યુ ચોગ,
કવિતા વિણુ પ્રતિબોધ ન કવઇ, વ્યાસ વચન વિણુ ના રહ ચવઈ.
યાદવ વિષ્ણુભકિત આવચું, ' આગઇ શંખ ગંગોદક ભર્યું.' ૨૦૨
ઇંદ્રિય વસિ જુ રાખ્યાં આપ, ત્યજ્યૂં કલ્પના મન સંતાપ.
સ્વામિશરણુ નવિ મૂકઇ ઘડી, મનસા મેહેલિ સંતોષિ જડી.
' હેમ કચોલૂ કરિ જો હોઇ, ઘાલઈ ભીખ નહી કો કોઇ.' ૨૦૩
કાયાકલેશ કરઇ પર કાજિ, પામઈ સુખ તુહિ મ લાજિ,
' પાચૂ વસ્ત્ર શુગલઇ હોઇ, રંગ્યુ શરિ ભૂપતિ નઇહોઇ.'
' ચર્મ ચીરા વિણુ રકત ન જોઇ,' 'મૂઆં પાખઇ સ્વર્ગ ન હોઇ.' ૪
વિદ્યા વિસન અસન વર વીખિ 'અધિક પાહિ અધિકારી શીખિ; '
મ કરિ અંત ચડઉ બરિ હેઉ, ત્યાગીજન ફલ એ વાંછીઉં.
કાં કહિ ' શ્રી સરસ્વતીનઇ જડઇ' ? ઢંબાક દાતક પૂરિ ન પડઇ' ૫
વૈષ્ણુવ હરિનામિ પૂરીઉ, અન્ય પ્રબોધ ભલા તાં દીઉ,
' ક્ષાર સમુદ્રમાંહિ મીઠું કૂઉ, ' બીજી શીચ મતિ તસ દીઉ ?
ગાઢુ ગુરૂ થઇ દક્ષા દીઈ, એ ' આંબિઇ તોરણુ બાંધીઇ.' ૨૦૬
' ફલકાલિ તરૂઅર નમતા જોઈ, પયભારિ ગૌ સો પરિ હોઇ. '
વૈષ્ણુવ વિગતઇ કરે પ્રણુામ, હરિઇ કીધાં મનિ વિશ્રામ.
વૈષ્ણુવ મનિ અહંકાર નવિ ધરઇ, 'ઉચા મેહ નીચા થૈ ભરઇ' ૨૦૭
સજન મનિ ન હરિપદ ટલઇ, લોક માહિ શરિખા થઇ મિલઇ,
નારી કુંભ શીશિ સાચવઈ, વાટઈ વાત પરિ પ્રીછવઈ.
' હાથીદાંત બિહુ પરિ હૌઆ, ચાવઇ અન્ય દેખાડિ જૂઆ ' ૨૦૮
સજન જૂઆં કહિ સાત્વિક સરિ, સજન સંગતિ આંખિકાં વહઇ,
' મોરનાં ઈંડાં કો ચીતરઈ? 'ઘડુ ઘડાનુ થાહાર સુ કરિશ.'
' ખાંણુ વધારઇ અશ્વ આફણી, પ્રીચ્છું પોતઇ જોઇતે ઘણી.' ૨૦૯
પ્રસન વદન સદા મનિ ચંગ, પરઉપગારિ ' પદિ પદિ ગંગ. '
સોઇ સજનની લાભઇ સેવ, જાણું 'ફૂખિ વુઠા મેહ.'
' દેવઈ આપિ રખિ પૂરઇ દીહ, ' ' ગાઢૂ મણુ તગતગઇ લીહ' ૨૧૦

નાહાના લગઈ અન્યાઈ પે કર્યું, દેવ દેવ કરતાં ઉછર્યુ ,
વિષ્ણુ વિષ્ણુ 'એ દૂધ એ દહી', શ્રીપતિસેવા મૂકઈ નહી.
' હાથીદાંત જે નીસર્યા, ' તે કો દેખિ ન પાછા કર્યા. ૨૧૧

મારુ મોહ મછર મદ કામ, ક્રોધ લોભ મારેવા ઠામ.
મારુ તૃષ્ણા આશાપાશ, મારૂ કલ્પના મમતા લાસ.
એ હંસા મમ લેખઇ ગિણું, ' એ હસતાં રોતાં પરહુણું. ' ૨૧૨

આ અસી છલિ છલ્યું ન જાઇ, ' ધન્ય તે ઉદર જન્મુ માઇ.'
વાહારઇ વિગતિ જણાવી વીરિ, આવ્યુ અર્થ રૂચુ રહિત શરીર.
અંગિ આલસ આણુ અતિઘણું, એ ' હસતાં રોતાં પરહુણું.' ૨૧૩

સદગર વૈયણ મ મેહું દૂરિ, વિસમરામ જમલા સશિ સૂર;
નાહિ તું નિર્મળ જાંણી ગંગ, ' દેહરી દેહમુ આતમ લંગ. '
' જુ પ્રતિમા પર દૈવત જાંણ, પૂજુ ગિરિ ગિરિગણુ પાષાણ.'૨૧૪

સત્ય શૌચ સુત સુધી ક્રિયા; ક્ષમા દયા પ્રતિપાલણ પ્રયા,
તે મેહ્લી વિણુ ભાવિ માઇ, તીરથ આહિંઇ મ નીગમઇ.
' રૂદ્ર વર પાડા કૃત રોલ અર્થ' માંડઇ ગિરિમાથઇ ટોલ. ' ૨૧૫

સજન રાજ દયૂ સંતોષ, શ્રી સુત તણા સયશ સંભોગ.
ઇતર પતિ આદરૂઇ અનંગ, ' ભવન ભૂખ પ્રાસાદનુ ભંગ,'
દારશી દયાત્તમ ઇર્ષો માણ, ' માનુ દેવ મ માનુ પાષાણ.'. ૨૧૬

વૈષ્ણવ વૈષ્ણવંઢા નવિ મિલઇ ? પાપ ન જાઇ પાપી ટલઇ.
કર્મ ન કાંપઈ શ્રીરતિ રહિ, ધ્યાન ન આવિ ધ્યાની કહિ.
ભુખ ન આવઈ જાઈ ભુઇ, ' હાલી મિત્ર કોઠીબડે દુ.' ૨૧૭

ગુરૂ વિણ મંત્ર કુણ શીખવઈ? ગુરૂ વિણ કવિતા બંધ ન કવિઇ.
ગુરૂ વિણ વાચ નિરોધઈ કાઇ, ગુરૂ વિણ પૂજા વિધિ નવિ હોઇ.
સહિજાઇ ન દત્ત ગ્રઇ જાણ. ' પાલાં કિશુ રાઉલ દઉ ! ' ૨૧૮

'જઈન તણી લ્યુ જયણા સાર, વસ્તુ વેદ કર્મ્મ આચાર.'
'અસુર તણું આંણું વીસાસ, શેવુ આદિ પુરૂષ અવિનાશ.'
'એ રજમાંહિ તજ કાઢિ એઇ, સોલે વાલે ગદીઆણું હોઈ'. ૨૧૯

ત્યાંન જાઈ અંતઃ કરણ વસી, અંતઃકરણ લિ ઈંદ્રિઇ ગ્રસી,
ઈંદ્રિ મન વાહ્યાં તે સરઇ, મન તે બુદ્ધિ કહિ વિચરઇ.
બુધ્યાતીત ગીત કિમ કહઇ ! માંડણ નામ લવારી લહઇ. ૨૨૦

ઇતિ સજન વીશી.

દ્વૈત વીશી.

પ્રાંણી ધર્મ્મ જૂ જૂઆ કહુ, યહાં વિચાર નવિ સૌક્ષમ લહુ.
પંચભૂત પિંડ સઘલા ઘડયા, તિમ જાણુ કંધિ એક ચડયા.
જુ અંતરિ આવીઉ વિવેક, 'ડાંગઈ મારૂં પાણી એક'. ૨૨૧

કે ઉપવીત પેટિ નવિ ભણ્યાં, તરક મ સૂનતિ સાથિ જણ્યા.
શિર નો લૂંચિ શ્રાવક નીસરા, ફાટે કાંન ન ચોગી ગયો.
કર્મ્મ વિકારિ કર્યાં આપણા, 'ઊચનીચ ક્યા મન તણા'. ૨૨૨

જે જે દર્શન જે જે ગ્રહ્યાં, કેહિ દેવિ ન આવી કહ્યાં.
'કીધાં કર્મ્મ સહુ ભોગવઇ,' 'આપ આપણાં રૂડાં ચવઇ'.
મનમાન્યા માંરગ સહુ લીઇ, 'પાણી વા ડાંગે ફૂટીઇ.' ૨૨૩

દર્શન સઘલાં જે જે બોલજી, ધર્મ્મ કુણિ નવિ ઉથાંપીઉ;
'દેખંતાં જે આવઇ વડી, તે કિમ કહીઈ કુઇ પડી ?'
'કુડિઇ તેજી શરિખા ચડઇ, બિહિરાં કાનસોરા ના પડઇ'. ૨૨૪

શૈવ સદાશિવ પરઠઇ રૂપ, સાંખ્ય સહિત પ્રકૃત સો ભૂપ.
મીમાંસક કર્મ્મ વેદ પ્રમાંણ, જૈન વિક્ષમા બોધ ક્ષણ જાંણિ;
વાલ્મીકિ અવતાર ન લીઉ, 'ચાક ઉપરિ પીંડુ મૂકીઉ' ૨૨૫

એક કહિ માંણુ સંયોગ, એક કહિઈ અનંગ વિના નવિ ભોગ.
એક કહિ નવિ કોઈ મરઈ, એક કહિ તુ કુણ અવતરઈ ?
નયણું દેવ ન દેહેરાં કસઇ, 'કહિની વહુ કહિનાં જહારશિઇ?૨૨૬
કે શર કાઢઇ વાલ સમૂલ, એ કે જટા વધારઈ સ્થૂલ.
એકે રોલઇ રાખ શરીરિ, કે પંચવાર પખાલઇ નીરિ.
મોક્ષારથઇ સહુ ખેડઇ ખૂટ, ' કહી કડણિ ખઈસિસિ ઊટ? ' ૨૨૭
ભૂપૂજુ.વિશ્વભારિ કી જઇ. પાંણી પુજુ.યે ચુગ બીજ.
પૂજુ અગ્નિ વિના મૃત રૂપ, પૂજુ વાય ત્રિભોવન ભૂપ.
' વ્યોમગતીયું ન પડઇ બાથ, યે દૂદું તે તેરજ હાથ '. ૨૨૮
એ સંસારિ સુણઇ સહુ કોઇ, ષટદર્શનિચા મારગ હોઇ.
ધર્માધર્મ કરિ સુવિચાર, કોઇ ન કંધ ઉતારઇ ભાર.
ભણતાં જન્મ ગયુ તે આલિ, ' ફૂટી હૈયા ન દેખઇ ભાલ. ૨૨૯
આદિત્ય સોમ ભોમ બુધ ધણી, ગુરૂ શુક્ર શનિવાર વિધિ ભણી.
જન હીઇ તે કરઇ પ્રભાત, તૂ શવિ માનૂ મોટી વાત;
એકજ સૂરિજ તણુ વિવેક, ' સાતે ફેરે ગ્રંથિજ એક ' ૨૩૦

જુ માયામઇ રચ્યુ સંસાર, મેહ્ની કહિવા શુ અધિકાર ?
ઘર મૂકિ માયા નવિ ટલઇ, અધિકી અધિકી આગલિ પલઇ.
જુ શરથી ચુગ સૃષ્ટા તણી, 'છાસિ ગયા શી પૂઠિ દોહણી ?' ૨૩૧
કામ વિના કીજઇ નિજ કર્મ, ક્રોધ વિના તપ તીરથ ધર્મ,
પુત્ર કલત્ર મોહ વિના પાલીઇ, લોભ વિના ધન ઘરિ મેલીઇ.
જુ નવિ પાસઇ યમણ હસિ, ' દેખઇ ચોર ન સુણિહુ ભસઈ.' ૨૩૨
વાગ વિસીં નવિ આવઇ કાંમ, પઇઠા ગુફા ન છંડઈ ઠાંમ.
'માર ન માંટી કો વાશ કરઈ,' ઘર છાંડિઇ કિમ આપ ઉધ્ધરઈ ?
કમલાપતિ નામ પરિભવ સહઇ, 'બલીઉ ચોર કાંધિ નર વહઇ'.૨૩૩
ધર્મગૃહી કઇ મારગ યતી, કઈ કાશી કઈ દ્વારાવતી.
નિર્ગુણ બ્રહ્મ કઇ મૂરતિ ધ્યાંન, આરાધ પાત્ર કઇ આરતિ દાંન.
આમી વચન એકઇ જુઆં, એ ' બિહુ હાથે લાડુઆ.' ૨૩૪

યાગ ભાગ ફલ બોલ્યાં ઘણાં,'હિંસા પાપ ન ઉછાં સુણ્યાં.
વર્ણ આશ્રમ ધરિ વિલસી નારિ, કલ્પઈ યતી અસ અધિક વિચાર.
હરિ ભઈહાં મન રહુ હરિ લાગિ, ' આવુ જાઉ દીઠઇ માગિ.' ૨૩૫

ચે શ્રવણે સાંભલ્યું રાજકુમાર, વાણી વંચુ વિષઈ વિકાર
એવા જાત્ર પાત્ર જોઈઈ, ઓળીલા સંભાદ ઢેઇ.
કામાયુધ કામિની સહ અંગ, ' સૂતાં શ્વાન મ ઘાલુ ડંગ. ૨૩૬

પૂરવ કારણિ પાશ્રમ ભમઇ, ઘર મેલ્હી પર પાડઈ રમઈ.
ચે મુનિ મોટા મુક્તિ ગયા, ઘરના ભોગ તિ જીવનિ રહ્યા;
કારણિ મોક્ષ વિષઈ ગાઈ, ' માંડુ માકુપ તણુંગ ડંભાઈ' ૨૩૭

મહુત વડિ સજન પરિસાર, ધર્મ પ્રમાણુ પરઉપગારઃ
આમરથી નવિ બોલઇ ઘણું, ક્રોધ નહીં ફલ એ તપ તણું.
ધર્મ કરી જણાવુ સોઇ, એ 'ઊંડું આલોચી જોઇ,' ૨૩૮

બ્રહ્મ વિષ્ણુ રૂદ્ર મ્હેચ્છ નહીં ગમઈ, કો કહિનઈ નવિ મારગ રમઈ.
બોધા બુદ્ધિ કરઇ આપણી, ક્રોધ નહી કહિ ઊધરિ ઘણી.
મનગમતાં દ્રુડઇ મોકળાં, 'રાખઇ દેવ માહલ આંધલાં.' ૨૩૯

મન હરિ જ્ઞાન મત હેઇ ' સિંધ વનિ તે સંધજ કહઇ '
તીરથ પૂત કર્યાં ચવિ રામિ, રાનિ ફિરતુ તીરથ કામિ.
માંડણ માતાપિતા અધવાઈ, એક અકેકે વિહમાં જાઇ. ' ૨૪૦

ઇતિ દ્વૈત વીશી.

ભક્તિ વીશી.

તીરથ પાખઇ પાપ ન જાઇ, તપ પાખઇ નવિ નિર્મલ થાઇ.
યોગ વિના નવિ યોગી હોઇ, [જ્ઞાન વિના જ્ઞાની નહી કોઇ]
વિષ્ણુ વિના કાંઇ ને વડું, 'આમિ નિરૂંખિ ઓરંડિ વડું,' ૨૪૧

સ્વર્ગિં ન વાડી આડ ઊગીયાં, કુસમ વિણાણી નવિ મૂકીયાં.
દેવકન્યા હરિ કિહાંથી માલ? હાસ્ય ન કૂડાં બોલ્યાં ટાલ.
વિષ્ણુ ભગત વાણી લૂછી લીઇ, 'ફૂલ પડઇં ચુસર ગૂથીઇં.' ૨૪૨
સહિજિ ભગતિ આવી હરિ તણી, થાઇ સંભાલ કરશિ નવિ ઘણી.
'રામ ગોપાલ' દીક્ષા મંત્ર ગુરૂ મિલ્યુ, 'ગંગ પ્રવાહ ત્રણે આખલ્યુ.'
આવી વાત નહી મન રૂચિ,' એહ ધધરણું વીવાહ વિચિ.' ૨૪૩
જુ હરિ વાલિમ આવી મિલી, સ્યૂં કરશિ તપ તીરથ રલી?
'નવ સઈ નદી નવાણું ભરઇ, ઉદધિ ઉંચું આંગલિ નવિ કરઈ.'
આગિ એ ઉખાણુ કહિ, 'વિણુ કાચિરી માહેત્ર ન રહિ.' ૨૪૪
પે જગદીસ ધરઈ અભિધાંન, વેદ વિચાર ન લહીઈ માંન.
બ્રહ્માંડ કોટિ અંધારૂ રહઇ, અંતરિ જ્ઞાન પ્રકાશજ કરઈ.
ભાનુ ભગતિ કિમ રહિ સંદેહ? 'મહું ગણુઇ તસ માંડા દેહ.' ૨૪૫
સિદ્ધિ વિદ્યા ગુરિ આપી મિલિ, કાજ કિશું ઇદ્રઇ પાખલિ (રલી!)
જુ અંતરિ હરિ આવી રહ્યુ, કોડિ પ્રબોધ માહિ તે વહ્યુ.
'વાઘ વુલાવા વાટ મ જોઇ, સીહ નઇ કુણ સંઘાતિ હોઇ?' ૨૪૬
જન્મ મરણિ સુર પે પૂજીયા, યમ કિંકર દીઠઈ ધ્રૂજીયા.
દુષ્ટ બુદ્ધિ લીધૂં હરિ નામ, કરતુ ચોધ જો એ તવ કાંમ;
નંદા કરી મ લઇ શરિ ભાર, 'તેલ જો જો તેલનાં ધાર.' ૨૪૭
મિથ્યાતી મમ માહવ મેલિ, એ 'શું હુઇ બાલક આ ખેલ'?
રુહિ નારાયણ કહિં માથ, જન્મ મરણિ મૂંકાવઇ હરિ હાથ.
વિષ્ણુ વિના કુણ કરશિ વાહાર? 'તેલ જો જો તેલનીં ધાર.' ૨૪૮
યમ યમ અંતરિ આવઇ નાંમ, તિમ તિમ ઈંદ્રિઇ છાંડઇ ઠાંમ.
ક્ષણ ક્ષણ નીર પાલઇ પરવરઈ, તિમ તિમ મન પસારુ કરઈ.
યમ ઈટાલ અગન દી માળિયા, તે 'સહિજિં' હુશિ વાટલા.' ૨૪૯
સેવ્યુ સત્ય ફલ દેઇ હરી, દીન નુ કહિ સ્વામિ સેવકી.
મૂઢ મ જે દિન બોલણ તણુ, 'ધાન બિલિ થવ ભારિ તોલણુ.'
પાડયુ શીહ તે જાલિ વહિ, 'રપ યગડી ફુંબુ તાપણ લહઈ?' ૨૫૦

ભાવિં તીરથ ભાવં દેવ, ભાવિં સ્વજન વાંછઇ સેવ.
ભાવિ ભોગ ચોગ જાણવુ, ભાવિ પૂજા સ્તુતિ અતિ સ્તવુ.
ભાવ કભાવિં ભૂધર ભજુ, એ ' શાણા આગલિ સૂંઢલુ ' ૨૫૧
શ્રીપતિ શેવા ઇતિ આદરી, નિઘટ પુણ્ય પરિ પાધરી.
ચાહુ ચીતરી ચતુર્ભુજ વારિ, યષ્ટિ સમતિ નામઇ મુરારિ.
રામ નાંમ અગ્નિ અંતરિ જડી, એ આપણી 'આંધા લાકડી.' ૨૫૨
જાં લગઇ જરા શરીર નિગ્રહઇ, જાં લગિઇ ઇંદ્રિ વ્યાપ ન રહઇ.
જાં લગઈ સ્વજન ન મૂંકઈ આસ, જાં નવિ દીસઇ યમચા પાશ.
તાં આદરી અંતરિ હરિ લીઉ, 'લીહઇ ઘોડુ તીણઇ ઘા લીઉ.' ૨૫૩
જુ વૃદ્ધવસ્તા પામ્યુ દેહ, અંતરિ ધ્યાન કિશું સંદેહ?
જુ કર શ્રવણ પુંજરિધિ ગયુ, તુ અંતરિ હરિ શાઇ નવિ લીઉ ?
' દેવતણું દેવપણું ગયૂં, પીતલ મુલ ન ઉધું થયૂં '. ૨૫૪
ઇદ્રઇ દમ સારિ તપ તેજ, ભાવિ ચિત્ત સારિત હેજ.
' પુત્ર કલત્ર પશુ લહિણાદેવ' સુકૃત દુઃકૃત સુખ વ્યાધિ નિષેવ.
એહજ મુકિત દેઇ હરિ વશુ, ' કરકાંકણ આરીશુ કિશુ ? ' ૨૫૫
હરિ ચુરાશી લક્ષ અવતરી, કહે અવતારિ નરહરિ શુધિ ધરી.
જુ માનુષ જનમ તઇ ધર્યું, માથઇ યશસ વ્યરાફ કર્યું.
રસના શ્રવણે ગ્રહુ હરિ ગેલિ, 'એતાં હાથી આવ્યુ રેલિ.' ૨૫૬
મેલ્હી ચુરાશી માનવ લયુ, કુછત તજિ કુલ ઉત્તમ ભયુ.
સહિજિ સદગર આવી મિલ્યું, આમઇ અંગ ન એકઇ ભિલ્યુ.
લીલાં તાણી લ્યુ હરિ વેલિ, એતાં 'હાથી આવ્યુ રેલિ' ૨૫૭
સહિજિ નારાયણ નિજ ધર્મ, બીજુ કાં કીજઈ તનુ શર્મ ?
જુ નવિ કીધુ વિષ્ણુ વિચાર, ' જાણે હિશિ અનૂઠી ચ્યારિ.'
લોપી વેદપુરાણી વાચ, 'મૂંકી મણિ કરિ ગ્રહીઉ કાચ.' ૨૫૮
રામરંગમઇ રામ આદરૂં, પરહરિ પાપ સાર સમધરૂ.
લીલાં અવતારી ચે રૂપ, એ અવતરીઉ આદિ સ્વરૂપ.
ચે તનુ મન સ્વામી સુંપીઊ, ' કિમ ઉગઇ ઊખરિ વાવીઉ?' ૨૫૯

વેદ પુરાણ ન લાભઇ પાર, સ્મૃતશાસ્ત્ર અધિક વિચાર.
શ્રુતિ પાઠી ગણિત અતિહાસ, વૈદિક વાસ્તુ જ્યોતિવિલાસ.
વીશીતી કો [રેવા ભણી ? ગીત ગાઇ તિહના] આગણુઇ. ૨૬૦

ઇતિ ભક્તિ વીશી.

બોધાવિડંબન વીશી.

છાંડી ધર્મ પ્રગટ પ્રમાંણ, ઇંદ્રિ જીમ સવાદિં ખાંણ.
જુ કશ ન છાંનૂ પાખંડ, રાચઇ કેઃ કલિ કેરઇ દંડ ?
મેલ્હી વિષ્ણુ પૂજુ અન્ય જોઇ, 'છાંડી હસ્તિ ચડિ ખરિ કોઈ'? ૨૬૧
+ જુ સૂધું ખાતાં બહુ મિલ્રી, કાં છાનૂં કીધું સહુ મિલી ?
'ચુકિ ચડી વાઉ બાકરી,' ધર્મ દેખાડુ કાંઈ કરી.
લીધિ નામિં કાંઇ આવડુ ? 'પઈઠી નાચિ કિશુ ઘુંઘટુ ?' ૨૬૨
'ઢોલ વાજતઈ' પરણી પ્રયા, ઢોલ વાજતઇ તીરથિ ગયા.
ગંગોદક સાહ્મું શંખ જાઈ, સ્નાની શર ચુહુટઇ ઉગાઇ.
એકાદશી કીધઈ યશ લાધ, 'ચોખી રોટી ચાચરિ ખાધ.' ૨૬૩
છાંના મંત્ર નઈ છાંના યંત્ર, છાંના મિલઇ ચોરના મિંત્ર.
ગિરિ ગુહુલિ મંદિરી સુરશાઇ, વંચ, દ્રોહ, છીલ છાંના થાઇ.
તિમ બોધા છાંના રથા સમાઈ, 'ચોખી નહિ કિમ ચાચરિ ખાઇ'? ૨૬૪
પ્રગટ્યુ સૂર્ય પુણ્યપ્રકાશ, ગાજી મેઘ સહુ પૂરઈ આસ
સવારથિ કરતાં દેખુ કર્મ્મ, પ્રગટ પાપ કહુ છાંના ધર્મ !
છરણુ ધૃત પશુ એકઇ મર, 'ખાટા વણિક સખાઇઉ કરૂ'! ૨૬૫
વહૂં સાંભલી ત્રૂટી પડ્યું, પાતક મેલ્હી પરભવિ નડ્યુ.
પાતકના ભણી અંગિ ઉન્માદ, 'ખાતાં ખરલીંડાનુ સ્વાદ !'
'ચોપડ વાંસઇ અછઠૂં ખાધ,' દીઠુ માણ્યુ ભાગી સાધ.' ૨૬૬

+ પાઠાંતર. જે કીધું તમ્હે સઘને મલી, તો કાં રાખો છાંનુ વલી ?
અછિં ધર્મ દેખાડો કરી, 'ચોકિં ચઢી વાહો બાકરી'
નામિં લીધઇં જો આવડુ ? 'નાચણિ પઇઠી કિસ્યું ઘુંઘટું'!

ઔધે મારગ લીધુ નવુ, કલિયુગ માટિ થઇ નવિ સ્તવુ ?
એહ અઢાર પુરાંણ નવિ કહઇ, 'જ્ઞાની અણભાખિં કિમ રહઈ ? '
' જુ વનિ ગહ્યા હુઇ ઈટાલ, કિમ આગલિ ઉગરઈ શીઆલ ?' ૨૬૭
ધર્મ ગયૂં કરિ વિનય વિચારિ, ધર્મ ગયૂ સત્ય કૂયા બારિ.
ધર્મ ગયૂં સંતોષહ ઠાંમિ, ધર્મ ગયું કરૂણાનિ ગાંમિ.
ન્યાઈ મારગ લઈ તે નવા, ' મીણને દાંતે ચિણા ચાવવા !' ૨૬૮
ધર્મ વિશે બિહુ આવી રહ્યુ, ' અઘ અઢાર ' કરી ગહિગહ્યું.
ક્રીયા વિણુ શૂં સ્વર્ગ દેખાડિ ? શીલ તણુઇ માથઇ 'ભડિ પાડિ.'
ચોરી પઇસઇ જેહનઇ ક્રીધ, ' હડહડતી ડાકરિ પય પીધ. ' ૨૬૯
આગઇ દેવ કર્યાં સુરપાંન, સોલ સહસ ભોગવતુ કાંહ્ન.
આમિષ ભોજન અધિપતિ કરઇ, ખોટા વાદ મોટા મચિ કરઇ.
ઇશ હલાહલ પીધૂં જાઇ, ' હસ્તિવાહિ કિમ ડાંડા ખાઇ ? ' ૨૭૦
અભક્ષ કાલિ લક્ષ આમિષ ક્રીધ, અપેય કલપના નઇ મદિ પીધ.
અગમ્ય સૂંનિ પરરામા રમઇ, અણુ જ્રાતી ભવક્રીયા વમઇ.
જ્ઞાનાગ્નિ લવ લાગઈ હાથ, ' પાશ શીયાલે સર્વસ ખાધ. ' ૨૭૧
સબલુ સાથ તે લાગુ મીંઠ; લોકમાંહિ યશ જાતુ ન દીઠ.
રહીનઈ કાંન કાં નવિ ધરૂ ? મોટી નારી વંધ્યા મમ વરૂ. '
અંતરદષ્ટિ જોઉ આપલી, ' પુત્ર પ્રસૂતા નાહ્મી ભલી. ' ૨૭૨
જુ આદરી અતિ ખોટી વાટ, દીઠુ નહીં આગલિ સર્વ ઠાટ.
પ્રસીધ્ધ પુરાણ ન શીખાદરી, રહ્યા ' અણતોલે ડીંગે ભરી. '
' પડિ પરાણિ વારતાં બંધ, વાજિ ભીંતિ વિના નવિ અંધ.' ૨૭૩
પ્રીયા પાંચ લગઇ યે ચાલિ, તે બોધ સકૂ કિમ પાલિ ?
વર્ષ હોઇ સાત પાણુ છાટ, ' નવિન રહણી છેદણું વાટ. '
કરૂ મ કરૂ મ ધરશુ રીસ, ' લાગઈ બાંધિ ધૂણવઈ સીસ. ' ૨૭૪
કહુ કિમ સૂધી શીખ મનાઇ ? સૂધુ સ્વાદ મૂકવુ થાઈ.
' વારી વિસન સકઇ નવિ કોઈ, ' જુ ધરિ કાંઈ ઉદ્ર હોઇ.
આણુ નેહ સ્વદારા રંગ, ' આપ મરઇ નવિ લાઠી ભંગ '. ૨૭૫

જુ જુગ પહિલે જે અધર્મ ગાઈ, 'કહિતાં જીભ શતખંડ થાઇ
ગોહંસા જિહાં પડિઈ પ્રસાદ, કાં નવિ ફર વિના સત્ય વાદ ?
એહ કલયુગની પ્રૌઢિ, ' ગોરી ગોરાપણું ગ્યું કોઢિ !' ૨૭૬

કલિ કાલિં કીધાં આપણાં, કામ ક્રોધ લોભ મોહજ ઘણા.
કિમ આદરશું જુગ પ્રયા વાટ, તેહ તણા અંગિ કરિગ્યુ પાટ.
' કહિનઇ ચોર ન હોસી નાભ, પાડાનઇ ઉચાલઇ લાભ.'
કાયર કરિ કલ્પના મ જોઇ, દયા આણિ યમ દ્વાપર હોઇ.
ત્રય પક્ષ તારિ ત્રયતા યુગ આંણિ, સત્ય ક્રિયા તિહાં સત્યયુગ જાંણિ.
વેદ વિચાર શુ કરઇ નરા ? ' સાપિ ખાધુ બીહઇ શીદરા.' ૨૭૮

એક કહિ અહ્મા મારગિ રહું, પણિ કલિયુગ તે આગલિ નવિ લહું.
સદ્ધ સાથ કોટી ગતિ ગયું, ચુથુ યુગ તે આગલિ થયું.
આદર વિણ નરિ ઉત્તર કીઉ, યમ ' ગાડઇ પાડુ બાંધીઉ' ૨૭૯.

જુ સઘલુ લાગુ કલિકાલ, તુહિ ન ભીજઈ નીર મૃણાલ.
' રાજહંસ નાવ છીલરિ રમઈ,' સંઘ સવાદ ન તરણાં ગમઈ.'
સજન મનિ વિકૃયા ન થાજ, ' સોનઇ સાંભિ ન લાગઇ આજ. ૨૮૦

ક્રિયાહીણ હોંઆ કુલવંત, લોકતણાં કહઈ રાખુ અંત.
' કો જુગતુ દાખુ જમાંન,' ઉતર માર પડયુ વિણ સાંન.
કા મેહલું આદર્યું અભ્યાસ ? યમ 'કૂતરે ખાધુ કપાસ.' ૨૮૧.

અકલીણા અણુપ્રીછયૂ કરઈ, તે સકલીણા કાં આદરઈ ?
' વાઈ ડૂંગર હાલઈ સોઇ, તુ અગન ન શું અંતર હોઈ ?'
મૂરિખ ગર્તિ મન ધ્યુ માહામતી, ' કાંણી સૂતી નઈ જાગતી.' ૨૮૨

યે આગઈ મુક્તિ ગ્યા સિદ્ધ, યે કહિ તે મારગ લીદ્ધ.
યોગી કહિ તે યોગી થયા, કે સાતી કે સઘલા ગ્રહ્યા.
મૂલ મારગ નાખ્યુ લેઈ, ' સાપ ગયુ ઘસરડિ કૂટીઇ.' ૨૮૩.

હરચ્યંદિ મેહલ્યૂં અલીઅલ રાજ, ચેઠી સગાલ ન પુત્રિ કાજ.
સંભરિ શરીર માંસ આપીઉં, મયૂરે શિરિ કર્વત લીઉ.

મંડણ પતિ લીધુ જગનાથ," ભાત મેલ્હિ મ ગોહુ સાથ ' ૨૮૪.

ઇતિ બોધાવિડંબન બીશી.

ન વીશી.

શેવ સાંખ્ય ષટદર્શન સૂધ તે મેહલી ઉમારગિ ગૂધ.
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર દેવ, મૂલ તજી અતિ માનુ શેવ.
સ્વામી વિના યેમ નાઠીઇ, 'સૂનઈ ગામિ સાડુ ફાડીઈ'. ૨૮૧
દર્શન વેદ ત્રિહુ એક વાટ, દીજઇ દેવ ગમઈ તે પાટ.
પુણ્ય જોઉ પાખંડી તણાં, ખંડિ વાદિ અન્યોઅન્ય ઘણાં.
' વઈરિ ન વાયસ ગૂહડ ટલઇ, ' નવિ લૂંડીનાં ટોલાં મિલઈ.' ૨૮૨
યે મારગ મોટે આશ્રયા જૈન બોધ ચાર્વાકી ક્રિયા.
સજન સરિસા સંગ નવિ કર્યા, વેદ વિના પ્રતિબોધિ ભર્યા.
સાચા મારગશૂં કિમ ભડઇ ? ' પાકે ભાંડ ન કાંના જડઈ. ' ૨૮૩
કે નર કૂડા અધ્યાતમી, દાન ન દેવા એ પરિ ગમી.
જુ દીજઈ અવનીઈ ઘણૂં, ' ભોગવિશું કીધૂં આપણું. '
પાપ કોટિ નવિ ધર્મ સુહાઈ, ' દૂધિ દાધુ દહી ફૂંકી ખાઈ'. ૨૮૪
વાઘ દેયંતા સામુ થાઇ, ' દેવા શંત્ર કિશિં કુણ જાઇ ? '
અશ્વ કરી દેતાં રથ ઘટઇ, દુર્ગા વાહી માંણુસ મટઇ.
' બલિનઇ મશિં કરી બાકર ખાઘ.' 'નાગા દેખી થઈ સરિ સાધ'૨૮૫
વિશ્વંભર અભિધાંન હરિ ધરઈ, મેહધારા ત્રિભોવન ભરઇ.
તરૂઅર પર કરઈ અપગાર, એ નવિ એકઇ લિ અવતાર.
એક ચોથીઉ દેતાં વરઈ, ' રાંક રોઇ શૂં આંસૂ ખિરઇ ? ' ૨૮૬
મૂરતિ પૂજિ મૂરખમતિ કહુ, દેતાં દાંન ભોગ દુખ સહુ;
જાતાં યાત્ર અન્તઃકરણ જાઈ, આતાં ગોવ્યંદ દુષ્ટ દૂહવાય.
ઇમ કરતાં સિધ સંગિ ન મલ્યું, 'આંખિના દુખણા મૃત્ય વેગલૂં.' ૨૮૭
એક નર આહેડુ કરઈ, પાંમઇ નહી તનુ પરભવ ભરઈ.

તેહ બલિ પેટ ભર્યું કહિ શૂર, તેહનઈ મરણુ ન દેખઈ ભૂર.
'એક માઇ નઇ માશી હોઇ.' ['પૂઠિ ખાટિ વચાલઇ જોઈ'] ૨૮૮

એક ધર્મનું જોઉ વિચાર ' ડાહાપણિ હાખું શરિ ભાર. '
કાજ આપ વિતૂં પર હીઈ, આણુ પાપ પ્રવાહયૂં લીઈ.
ઇમ કરતાં કિમ રાખૂં આપ ? ' પરહુણા પાહિ મરાવિઉ સાપ. ૨૮૯

શ્રધ્ધા કરિ હરિ ઉપરિ ધ્યાંન, માંહે મલ ઉપરિ મજંન.
સાચા બોલ વદનિ વારૂણી, હંસક હૈયા કીયા ઘણી.
ક્રોધિ અતિ ઉલાલિ આગિ, ' ઝીણાં કાતઈ જૂઆરી નારિ. ' ૨૯૦

સ્વર્ગતાણુ સંઘાત નવિ મિલઈ, સમટઇ સૂખા થોડા પલઇ.
સંયમની નુ લહિ વર સાથ, અતિ અલજુ જોવા નરકનાથ.
અષ્ટાદશ માંહિ આવઈ કહૂં, ' નમતી સાંગિ હિ પગ સહુ '. ૨૯૧

સત્પુરૂષ સુખ તણૂં વખાંણ, યમ ' ઉદયાચલિ પ્રકટ્યુ ભાંણ',
સંગતિ સાતિ વિસની તણી, 'વંછુ અંધ કૂપજ ભણી.'
' બાલબુધિ પાંમઈ સાંપડી, સહુ ચડઈ નીચી વનખડી. ' ૨૯૨

' સ્વર્ગ તણાં સુખ ' વાંછા કરઇ, ધર્મ કર્મ એકઇ નાદરઇ.
સંગતિ લિ સંતી કહિ તણી, કિમ પનુ થાઇ પશુહણી ?
લક્ષ ચુરાશી રારવિ પડઇ, ' નેવ ન પાણી મોભે ચડઇ. ' ૨૯૩

મોક્ષ તણી અભલેખા કરઇ, મારગ નીચા નવિ પરહરઇ.
લોકમાંહિ અપયશ બોલાઇ, પરભવ દખિ ખેદ કી કાઈ.
'સુખ નવિ સુહુણા માંહિ ભાલ, મૂલ નહી કિમ પાંમઇ ડાલિ'?૨૯૪

કે નર લાગા તીરથ ધ્યાંનિ, વાટઇ વારૂણી કરવા પાન.
લેવા ગાંઠિ પરાઇ ભાવ, ' તાર વિના કિમ તારિ નાવ ? '
જોવા પરનારી અંગ જાઇ, ' લાહ લેઅંતા મૂલ ગમાઇ. ' ૨૯૫

ધન વંછઇ ધન કેરી મણા, મુક્તિ વરૂણ વિણ પદ હરિતણા.
રહિ અહંકારે અન્ય આશ્યા કરૂં, દ્યૂત રમી ઘર અર્થિ ભર્યું.
નીચ કર્મિં કલ્યાણ મ જોઇ, એ સવિ 'આશ નિરાસી' જોઈ. ૨૯૬

સાધૂ ભૂત પિશાચી જંત, સાહ્મા આવઈ દેખાડઈ દંત.
એ સરિખુ મિલ્યુ સંઘાત, આશિ આશ ભર્યો કરિ વાત.
'સાપ સાપ ધરિ પરૂહણુ જાઇ, છીભ હલાવઈ અન્ય કાંઈ થાઇ?' ૨૯૭

ગોપતિ ત્યાજિ ગોરીં આદરૂ, ' મૂઆં ગ્યાં ' સૂષઈ સ મરૂ.
અછતામિક ઉલગ માંનિશઈ, 'આગઈ હોઈ નઈ વલી તે હશઇ.'
મોક્ષ ગયાં મતિ મનસા થઈ, ' શૂં ધાવુ આંચલ મા મૂઈ?' ૨૯૮

લાગુ દોષ દેવિ સાંભરઈ, સાહ્મા વપુ પીડા ઉચ્ચરઈ.
મરણુ આવિ કહિ કાંઈજ ધર્મ ? શત્રુ મિલ્યાં અસ્ત્ર શીખું શર્મ !
સ્વાદિ પડયાં કુછિત કાંઈ કહી ? 'આઈ કહિતાં કિમ છૂટીઈ ?'૨૯૯

સાધની શેત્ર સુખિ સ્વર્ગિ જાઈ, વિદ્યાવંત વિશેષિં મનાઈ.
જ્યુ મોટા મુક્તિ સાંચરઈ, એક રામ આપિ ઉદ્ધરઈ.
શરણાગતવિજયપંજર નાંમ, આપુ મંડણુ તવ પદ ઠામ. ૩૦૦

ઇતિ ધનવીશી.

સાધારણ વીશી.

એ મન વિષયા ચાહ્યુ ભમઈ, મનુષ્ય જન્મ આલિ નીંગમઇ.
કેડિ ન દેખી કિંકર પાંણિ, પુણ્ય સરીસુ ન છંડિ વાણિ.
પરધન વનિતા લાગુ રંગ, ' દેખઇ દૂધ ન દેખિ દંગ '. ૩૦૧

એક ઘરિ કામિની કુલવંત, રાચઇ કોઇ કો અસતી વંહંતિ.
અમૃતઘટ ઉપરિ અનભાવ, માંડણુ સ્વમુખિ મધ્ય શરાવ.
'મેલ્લી રાંમ રમઇ કો રૂપિ ? દીપક પાણિ પડઇ કો કૂપિ ? ' ૩૦૪

છાંડી પ્રીતિ બહુ તન ભાગ, પરનારી સંગ અંતરિ દાઘ.
સૌખ્ય સ્વરામા બેજણુ રંગ, અપત્ય આપઇ વિલસતાં અનંગ.
જ્યુ તૂં ' ભાંણિ ભરાઇ ન દ્રાઇ, ચાટિ હાથિ ન ભૂખ સ જાઇ. ૩૦૫

ચાડુપણુ ઢાઢી આદરી, નગમી નારિ અસતી આવરી.
મૂરખમતિ વિણાશૂં મૂલિ, ' ખાંડ વિરાંસિ ખાધી ધૂલિ. '
માત પિતા મેલ્હી શ્યુ જુડૈ, એ ' ગાઢુ ઘાઢુ ગાઢુડૈ ' ૩૦૬

કમતિ ફૂઈ કન્યા વરી, કિમ તે નીવારઇ વિમચરી ?
કારી ઘરિ ઙ્ગિપનુ કપુત્ર, વાંમી વિણાશૂં ઘરસૂત્ર.
રડ નહી વિચક્ષણ રીસાવિ, ' માંચી બઇઠાં આવ્યું લાગિ. ' ૩૦૭

વિરૂઇ વાટ વારતાં જાઇ, 'ઊખધ આપિ અજાણું ખાઈ.'
દુષ્ટ મિત્ર મિલિ કિશૂં કાજ ? ' અંગઉધારઈ મ લેશિ વ્યાજ. '
' એ ઊઝવુ વરત અનુંકલી, ચોર પાહિ ચોટ ઉતાવલી. ' ૩૦૮

શરખા સંઘાતી આ નીસરી, વેશ્યા રહી અન્ય નેહ ધરી.
જમલિ જમાઇ રૂસી રહ્યુ, વિઢતાં વિજય બોલ સાંસહ્યુ.
પ્રેમિ અંગ પરાભવ હોઇ, ' કોઢી મૂઉ તુ મ કરી રોઈ. ' ૩૦૯

ચે ગતિ પામી દ્રૂઇહિ રાજિ, તેણિ માગતાં નાવઈ લાજ.
વર્ષ સહસ્ર તપભેદ ન કીધ, તુ તે નિશ્ચલપદ લીધ.
અલ્પ ભક્તિ કિમ વૈંકુંઠિ લીઈ ? 'શરિખા સુર કાં બે કૂટીઇ?' ૩૧૦

અક્રોધી નર તીરથિ જાઇ, કેવલ કલેશ ડુગરિ કાઈ.
અપહર્શનિર્મતિ પૂજા ઘણી, 'ઉગઇ વૃક્ષ કિમ વાઢયુ ખણી ?'
અંધમતી યમ નારી કલા, ' કિણુ ખાંડઈ ફૂકમ તાંદલા ? ' ૩૧૧

શેવઇ હરી કરી કાંમના, ' વાંચઇ વ્યાસ અર્થ કલ્પના '
લોઇ લંચ કાજ પર કરઇ, દેઈ દાંન ચિતિ ફલ ધરઇ.
વેદ પરીક્ષા વિગતી લઈ, ' એ બાટી અરહટ વેચીઈ ! ' ૩૧૨

જીવન અર્થ મ મારગ લોપિ, સારી આય રહ્યુ ધરી કોપિ,
પાપ કરંતાં વધઈ આય, મૃગ મછ ઘાતી મહાં ન આઇ.
' નર નારી વિણુ ગુહિ કોઈ, મરતાં મહિલા નાવ કરી રોઇ.' ૩૧૩
તારૂણપણુઈ ન સુધુ મર્મ, ઓસેવા ઇવિ કીધુ શર્મ.

તન આધાર કાંમ કહિ ગયુ, ગુરૂ ભંડાર ન રાખી રહ્યુ.
' પછઈ નીસરઇ કાંને બોલ, એ છે દાંત નઈ મુખ પોલ. ' ૩૧૪
ગુઈ પ્રતિ સંખ્યા નઈ સમંઇ, ભૂખી પ્રજા એકલુ યમઈ.
કરિ આઘ્રાણુ ફૂલ કરિ ધરઇ, ' સર્વ ગુણુ વાણી વૃથા કરઇ '
સૂતાં નગ્ન દેહ દેખીઇ, ' આવી લક્ષ્મી પગિ ઠેલીઇ '. ૩૧૫
ચાડ ચવાહિ અધિકુ વલ્યુ, ' તે તાં જૂનાં પિતર મલ્યુ '.
કીધુ ગુરૂશૂં વાદ વિશેષિ, ' ભૂલુ ભવાડયુ આપ સંદેષિ '.
કલહુ કુટંબ હોઉ પ્રઇપણુ, ' એ હારી જીતી ઉલખ્યુ '. ૩૧૬
સદગુરૂ વાણી વૃથા મન કરૂ, કહિતાં માત્ર અંગિ આવરૂ,
અંતરિ આણિ મ એ સંદેહ, તે ' નીપનૂં યહાં વૂઠુ મેહ '.
કિમ વાલશિ મન જાંણી મર્મ ? ' ચેતી નાહી તેતી ધર્મ '. ૩૧૭
પુણ્યાંગના પ્રેમ અતિ ધરઈ, મોટા પક્ષ અન્ય આદરઈ.
' સુખ ન સાપ વાસ ગેહ રહઇ, મુરખ મિત્ર સંઘાતિ વહિ.'
અછતા ગુણુ કઇ વારી કવુ ? ' એ સુ સાતે વીસે લેખવું '. ૩૧૮
હાલાહલ ઈવ પીધુ કવાથ, તુ આમઇ મૂંકાવ્યુ સાથ.
' તાત સકસુ નવિ બૂસટ મારિ, તુ સુત શરિ વાગી તરૂઆરિ '.
જૂ તૂં એહ 'સગાની ગાલિ, યમ આવી એ ધરિ 'ઘૃતનાલિ'. ૩૧૯
નિગમારથ સઈ સમુ સ્મૃતી, સમૃતિ સઈ સમી શાસ્ત્રગતી.
શાસ્ત્ર સઇ સમુ અંશ પુરાંણુ, સઇ સમુ ગીતારથ જાંણુ.
વીદ્યાતીત ગીત કિમ કહઇ ? માંડણુ નાંમ લવારી લહઇ. ૩૨૦

ઇતિ સાધારણુ વીશી.

યુક્તિ વીશી.

પહિલૂં પાપ કરૂં નરિ ઘણું, દીઠું નવિ જોખમ જમ તણું.
લોક વિગોયા શ્રવણિ સુણી, અંતરિ તુ ચેત્યુ આપણી.
જાઇ પાપ સ્મૃતિ સાંભલિ, ' બૂડતાં વિલમઇ આવલિ. ' ૩૨૧

મ મહુ સજન દુષ્ટ સંઘાતિ, ' કિમ સવાસિણિ વેશ્યા ઘાવ
ચંદન ઉરસ જોઇ વિચાર, હરિ મેહ્લી અન્ય દેવ ઉપાર.
' કંટકફલ જોઇ ઇંગોરિ, ઘાસઇ કેલિ ન ઘાસઇ બોરિ. ૩૨૨

સ્યુ ઘર છંડી વહાથી વંનિ, પુત્ર કલત્ર વીસરઇ ન મંન.
સૂનઈ કલપી કાંમ સંતાપ, ' ધોવા પોતી લા ' પાપ.'
આવઇ કિમ સ્વામીશ્યું નેહ ? એ ' બગલી નીગમ્યાબા બેહ '. ૩૨૩

વ્યાધ ન પાસૂં છાંડઈ કાય, એક ઘડી નવિ દારિદ્ર જાઈ.
ઉપયશ ઘડી ન છડિ કેડિ, અંતર વેલા ટલઈ ન વેડિ.
યે તન પાતક વાસિં રહિ, ' જ્યાહાં પાંણી તિહાં કાદવ કહિ.'૩૨૪

મોટાં તપ વ્રત તીરથ દાંન, અવિની માંહિં કુણ જાણુઈ માંન ?
સુકૃત દુઃકૃત તપતિ કાઇ, ' પંકિ પંક ન ધોયુ જાઈ '.
કિમ અવતાર વિના હરિ વહઇ ? 'ઘર ઘરના પાડા નવિ મરઇ'૩૨૫

' ચુરાશી લક્ષ યે ભવ ' કહિ, ધર્માધર્મ મર્મ નવિ લહઈ;
તે માંહિં એક સુણીઇ સાર, માનવ ભવિ લીધુ અવતાર.
છાંડી ધર્મ આદરીઉં પાપ, ' અહણુ વેલાંએ કાઢયુ સાપ '. ૩૨૬

પર નારી પ્રાર્થ્યાં ન ભંગ, યેણુઇ યેણુઇ યોગિ પ્રીછવીયુ અનંગ.
પલ વાહણી સંતોષી શિવા, ધાઉ ધર્મ ભણી તે નવા.
' પુણ્ય કરંતાં પાપિ બંધાઇ, અમૃત વાંમી એ વિષ ખાઇ ' ૩૨૬

સ્વામી તણી ન આજ્ઞા રહ્યુ, લોક અપવાદ બોલ સાંસહ્યુ,
' મારગ છાંડી ઊવટિ જાઇ, કાંટે શ્રમિ પીડાણુ કાય ! '
સ્વામી દ્રોહી નઇ મિલીઉ સાથિ, 'પુહુક છંડાંણુ દાઝુ હાથિ'. ૩૨૮

ભૂપતિ થાપ્યા દુષ્ટ પ્રધાંન, પાંમી વિભૂતિ આવીઉં માંન.
' ચીહુ પાંચ દીહુ મેહ આદ્ર, ' ' થોડી લગિ પટિલની પાદ્ર. '
' આગઇ વૃતિ એ મૂક્યુ દડુ, એ ઠીકરીઇ ભાગુ ઘડુ. ' ૩૨૯

મોટિ કુલિ પરણાવ્યુ જોઈ, તે નારી પતિવ્રતા હોઈ.
દેખી તનુ તે અસતી તણૂં; દાંત હશી દેખાડિ ઘણૂં.

મૂરખ મોહિ ના જા ખોટ, 'મોઢી કોર પીયારા રોટ.' ૩૩૦
છળ છદમિ ધરિ ધન મેલીઉં, દૂતરમી તે થવિ હારીઉં.
કઈ ખરચ્યું વેશ્યા મદ્યપાનિ, કે રાઉલિ કે ચોરે લીઉં.
ભાંડ ભવાઇ કઈ ખરચીઉં, 'આલિ આવ્યું વેલિં ગયું.' ૩૩૧

વ્યાધિ વિયોગ શોક તવ નડઈ; કહિ 'મઝ લેખૂં ઘટચોપડઈ.
એવાં સાહ કરૂ કરમ, 'ચૂડી પહિરી બઈઠુ ન યમ.'
સહિવાણિ નવિ તેહનૂં તેજ, 'મામંત્રેઈનૂં છઇ હેજ.' ૩૩૨

'વાનર વીછી ખાધુ' યશુ, યમ આગલિ પીડાઇ તિશુ.
કીધૂં તોરઇ કુટંબિ વિચાર, 'ભરડા પરહુણુ અન્ય ભાર.'
'રૂડું કરિજા તો રીરડી, ખોડી ખોડી આહડતી ભલી.' ૩૩૩

ધમંકાર થવિ મેહ્લી માંણુ, 'ભેદઈ ટાઢૂં નીર પખાંણુ'
જાણી તઈ પરિ એ યમ તણી, 'બાંભણુડોડી કરિ ધન ઘણી.'
'ઢીલૂં મૂંકિશિ તે તવ હાંણુ, એ નાતરૂં નહીં નીસાણિ.' ૩૩૪

આદરીઉ અંજાણિ અધર્મ, ગુરૂ પાખઈ નવિ સૂધુ મર્મ.
'ઉંચૂં જોઇ તુ આકાશ, નીચૂં જોઈ તુ પાતાલિ.'
મેહ્લી માંણુ જાંણુ ગુરૂ મિલ્યુ, 'માથા ઉતરચા પગિ રહ્યુ. ૩૩૫

ભોગવવાં આગઇ દુઃખ ઘણાં, ઇમ ન જાંણુઈ કર્મ આપણાં.
'આંગલી મુખિ ઘાતી ડસઈ,' કાંઇ ભવ એણીપરિ કસઈ?
'અઈંખિ ગોહુ મારૂ સુંણૂં, ગાંમ ઉપરિ માંડયૂં રૂસણું.' ૩૩૬

આણુઇ ભાવ અંગિ અતિ ઘણું, કેહુ વરૂ હશિ ઘર તણુ?
તે શીખામણ સારી વરૂ, 'વાઢી પાટ મેરાઇઉ કરૂ.'
એવુ સ્વામી શવહુ ધણી, 'દીવાલી કહિના બાપ તણી?' ૩૩૭
જુ સદ્ગુરનૂં કહ્યું નવિ કરૂં, તેહનઇ પાછલિ શૂં ઉગરૂં?
યમ 'મૃગતૃષ્ણા પાંણી પીધ, સુહુણા કેડિ રૂડું દીધ.'
ધાત મિથિ ગયુ કો છેતરી, કહિ ઇમ 'નાઠી ગાઈ ચરી.' ૩૩૮
માતાપિતા ભણાવઈ તુઝ, આદર કાંઇ ન કરઈ અબૂઝ?

પાછલિ નવિ હોયિ અભ્યાસ, કરતાં પુત્ર કલત્ર બહુ આસ.
' પહિલૂં સબલી બાંધી મૂંઠિ, પાંણી પડઈ પીઆસી પૂંઠિ. ' ૩૩૯
લક્ષ ચુરાશી જોઇ વિચાર, કિમ એવડુ સહિસઇ ભાર ?
રાવ કરી તે સ્વામી સુણી, દીધી યોનિ માનવભવતણી.
કહિ મંડણ જુ હરિ નવિ મિલ્યુ, ' સુહુણુ વલ્યુ નઈ સુહુણુ રહ્યુ.' ૩૪૦
ઇતિ યુગતી વીશી.

હૃદય વીશી.

વેદ વિપ્રશરિ સારા કીયા, શૂદ્રશરિ વાડવ થાપીયા.
નારી શરિ ભર્ત્તાર સભૂપ, ભૂપતિ પાલઈ પ્રજા એ રૂપ.
સ્વામી બોલ ન બુધિપાત, ' રાઇ રાખતાં કીજઇ વાત. ' ૩૪૧
કામ ક્રોધ લોભિ કલિકાલિ, સત્ય શૌચ શમ દમ પરજાલિ.
ક્ષમા દયા વાસના વિવેક, સાર વસ્ત બાલી અનેક.
એહ્વા માંહિ હરિ સાધન કીયું, એતાં 'બલતા ઠાંડુ કાઢીઉ.' ૩૪૨
યે સજન અવની અવતરઇ, સ્વામી તણી આજ્ઞા વિસ્તરઇ.
તે ઘરભાર રહ્યા ઉદ્ધરી, કીરતિ કૃષ્ણતણી અણુસરી.
' દીજઈ શીખ નહીં તે બાલ, શૂં શારદાગરણું નેસાલ ? ' ૩૪૩
સહજિ સજન સાધૂં જોઈ, તેતૂં દુષ્ટતા બારૂં હોઇ.
એ દીઠઈ રૂદય શુદ્ધિ ધરઇ, તે તૂં ' આગિ ન અધિકી સરઈ. '
' જુ હાથી તરશુ સુક્ષમાં, તુ પેટિ પાણી ઘૂંટણુ સમાં. ' ૩૪૪
માનવ કર્મ કરૂ તે કલા, પરહરિ પાપ થાઉ નિર્મલા.
અઘ જાયિ સેહુ હરિનઈ નાંમિ, કુછિત વિતૂં ન દીજઇ સ્વાંમિ.
સધિન મોક્ષ ત્રિભોવન રાય, ' લાડૂ રાખી ભૂકુ થાઈ. ૩૪૫
'કાલા કાંઈ ' ન તૂં હરિ ગમઇ ? 'પાખઈ ભીંતિ ભાર કુણ ખમઈ ?'
' કુંચી એણી તાલૂં ઊઘડઇ, ' અથા અનેરા એ કિમ ચડઈ ? '
ચેવુ હરિ અન્ય શૂં કરઇ ? ' યમ પાખઇ છોરડૂં ન મરઈ' ૩૪૬

બીજઇ એક હરિ આચરૂ, ' સંદેહે મન ઉલગ કરૂ. '
' વણિજ પીઆરી હાથિ ન હોઇ, ' ' ડાઢી પર કર આપઇ કોઇ ? '
' ડાલિ ડાલિ મન ઘાલ્યુ બાથ, છોરૂ થણી સઇઆણી હાથ. ૩૪૭
' કિમ જાણુ બીજાઉલિ બારિ ? ' [આંખિ અંધ બેડી પગ ભારી.]
' ગલીવાતે મુખ ગલૂં ન હોઇ, પાખઇ ભીંતિ ચિત્રામણ જોઈ. '
' શમય ન ભૂખ થયાં આકુલાં, પૂછઈ અપવાશી ઘરિ ઢાકલાં ' ૩૪૮
કિમ એણી પરિ પતિ રીઝવું ? ' સુઇ દેઇનઇ કુશ દેખવૂં. '
' હાથિ કાનિ ન સાહ્યા જાઈ, આલિ આપણી વાનરપરિ સાહિ. '
અંતર હોક પરાભવ ભયું. ' કેહા વુઠા કાહવ કયું ! ' ૩૪૯
ચે શ્રદ્ધા કરિ પોખ્યાં પાત્ર, ' દીનતણાં અથ તોખ્યાં ગાત્ર. '
કઇ હરિ સાધન કીધૂં ગોપિ, વાટઇ વટ પીંપલ તરૂ રોપિ.
વાવ્યું હેમ ખણ્યા કુદાલિ, એ ' વિણુ ગરથ વહીતરૂ ' ભાલિ. ૩૫૦
કરતાં ગોઠી મિલઇ વિદ્વાન, કાંમ તજી તિહાં દીધા કાંન.
શુભ કર્મ કરતાં અન્ય લોક, પેખિ પરમ આવ્યુ સંતોષ
શત્રુ મિત્ર સામ ઉપદેશીયા, ' પર કણુકિં માંડા શીખીયા. ૩૫૧
ઘરિ બઈઠાં સર્વસુખ ભોગવુ, સાચૂ જૂઠું જાંણી ચવુ.
' રાજા રાજ્ય કરૂં તનુ તોષ, ' પૂરિ અભિલાષ આણી સંતોષ.
જુ આજ્ઞા હારની વરતીઇ, ' પશલીઇ ડુંગર ઠેલીઇ. ' ૩૫૨
સહગુણ પેપી યાવિ કર્મ, ' નાડી મૂલી બેડી શ્રમ. '
લીધુ ધર્મ સમારગ વેદ, પામ્યુ સુખ અથ હુ તન ખેદ.
' જોઈ તરત બૂડંતાં કંઠિ, લોહડઇ લીહ પટુલિ ગંઠિ. ' ૩૫૩
વરૂ કઇ સ્રી ઘરિ આવઇ, કહિ પહિલૂં છોરૂં પરણાવિ.
એહ કાજ તહ્મારૂં કરૂં, ' દેખઇ નહી ન્યાઉ વીજાપરૂ. '
ભત્તાર કરઇ કહિ તે કરૂં, એ જાંણે ' સોનૂં નઇ સુરૂં. ' ૩૫૪
સઘલા વિષ્ણુ તણા અવતાર, ' ચેતા અશ્વ તેતા અસવાર. '
પીડા કહિ જ ૧ જાંણિ મ કરે, એવૂં જાંણી આપ ઉદ્ધરે.

' જુ હાંબલિ કુબુદ્ધિ જામલી, કહિસૂ તે માહિ કેતાં પલી ? ' ૩૫૫
સઘલઇ સ્વામી શરણુ જોઇ, 'અન્ય યમઇ અન્ય તૃપ્તિ ન હોઇ.'
સઘલા જીવ અનુકુંપા કરી, 'સહિજઇ સમાધિ' જાઇ તૂં તરી.
સ્વામીની આજ્ઞા સર્વ હરિ, ' અતિ મધિં કાલકૂટ ઉઠરિ. ' ૩૫૬

નિતુ ઉઠી યમ વેદન સુણું, ' હાથીની પરિ ઞલુ ઘણું. '
અન્ય નહી કૃષ્ણ હરિ વિણુ નાવ, ' ભાગાં ભાંણ્યું એક વટાવ.'
' એકોત્તર પૂર્વંજ હરખીયા, એ ભૂલા મારગિ આવીયા. ' ૩૫૭

સ્વામીની શરણાગત જાઈ, ' હાથીની પરિ પેટ પૂરાઇ. '
' છોરૂ હુઇ કછોરૂ જોઇ, ' માયબાપ નાવિ તેહવાં હોઇ. '
સ્વામી કહિ ' ચોરી સહિદેશ, માગીઈ ભીખ વસા પરદેશિ.' ૩૫૮

સ્વર્ગ મૃત્યુ પાતાલી લોક, સુગુરૂ એક બીજા સર્વ ફોક.
સહુઇ આસ તહ્મારી કરઈ, તે શાવિ ' બોલ પડઇ તે ખરઇ. '
આરતિ હરિ કૃષ્ણ કહિ મનિ ? 'ઊ લખ દાંન પ્રજા ભોજન. ' ૩૫૯

સજનનઇ રખે કો ડસઇ, ' ડાબ કપૂર કપૂરજ હસઇ. '
' ગણુ ધંતુરાના જાંણુ મહેશ, યમ માલી પાતરી ' સવેશ.
કરશઇ સહુજન તેહની આસ, માંડણુ વ્યંગ સોઇ વિનાશ. ' ૩૬૦

ઇતિ હૃદય વીશી.

વૈરાગ્ય વીશી.

જુ તૂં હનિં ગુરૂ મિલ્યુ ન કોઇ, તુ આપિ આલોચી જોઇ.
સત્સંગતિં કર્મં કીધૂં સાર, તે સવિ સુંપિ ન જગદાધાર.
પાતક ' ચોર મિલે લૂસીઇ, પાકૂ માંડુ પછિ પાડીઇ. ' ૩૬૧
તપ જપ તીરથ શ્રદ્ધા દાંન, કૃત આદરી કહુ સોપાન.
' સ્વર્ગ લગિં સંગતિ ' પામીઇ, એહૂ મોક્ષ અભિલાષ ન દીઇ.
આવી ભગતિ મુગતિ હરિ મિલી, એ ' કૂંઇ વાતી કાંબલી. ' ૩૬૨

ઠંભિ પૂજાણુ અછતુ દેવ, લોક વખાણ્યુ વહ્યુ ન સેવ.
ઘૂ દાન કીરતિ વિસ્તરઇ, કિરંણી ઇમ જાણીનઇ કરઇ.
અંતરિ આપ ભલાડિ ઘણું, 'નહીં વઢવાહિણિ ટીપણું.' ૩૬૩

સજન ઘરિ ઊપનુ કુપુત્ર, લોકે પારખી કહ્યુ કમૂત્ર.
શું કરઇ વાત કસંગિ મિલઇ, 'થોડઇ નીરિ પૂરૂ ટલવલઇ.'
'જાંગિ ઊગી તુલશીનઇ માગિ, એ અંગૂઠઇ કોણિ લાગિ.' ૩૬૪

ખત્ર અખત્ર ઘરિ ધન મેલીઉં, ઉત્પતિ સારૂ ન વાડવ દીઉં.
ખરચઇ પુત્ર કરઈ તરફડાં, 'માથઇ ચડયાં પાગ ખાસડાં.'
માતપિતા 'નવિ સ્વાહિ ગંધ, કુહ્યું પેટ પાડુ કિહાં બંધ?' ૩૬૫

'પૂર્વદત્ત પ્રભાવઇ ધની,' જાંણ્યું મંત્રમઇ શાકિની.
ઘણું ઘણેરૂ પાપ આદરઇ, કહુ કિમ સૂધી શીખ તે કરઈ?
તૃષ્ણા પૂરિં જાઇ તે વયા, 'ત્રાંબાના તે વાજી રહ્યા.' ૩૬૬

'સવિ વેઠિ કરવા લોક,' તેહનઇ ઘરિ નવિ દેખઈ શોક.
જુ તૂં મનિ ઠાકુરનિ વસઇ, 'તિલે નહીં તુ કરસણુઇ હશઇ.'
'પગ હેઠિ બલતૂં નવિ દીઠ,' રૂડા રોરવ લાગુ મીઠ. ૩૬૭

ખટદર્શનિ જૂ જૂઆ ધણી, 'કો ડાકિણિ કહિ માતા આપણી?'
કઇએકિ ઘરિ મન વિસ લાઇ, 'ધી આપણી વિખાણુઇ માઇ.'
'પાડોશી આગલિ સાસરઇ, જાવા ન લહિ તુ શૂં કરઇ?' ૩૬૭

પહિલૂં અન્યાઇ તે ચાડ, 'છુરીમાંસ પીઆરી હાડ'
'ન્યાઉ અન્યાઉ પાંણી પાંણી વાટ, ઉથલ્યૂં ગાડૂં ગણુ શા ઘાટિ?'
'આપિ ખાધી સાથિ માહિ, પાંનિ ચૂંનુ સકયુ ન લાગિ.' ૩૬૯

મોટા નાન્હા પાઊઉ વાદ, 'તાણ્યુ અતિ ત્રૂટઇ ગ્યુ નાદ'.
'ચેહનિ છાસિ તેહનિં હાસિ, છીકતાં ડંડ હુઇ વિમાંશી.'
ક્યાં 'કહલેડાં સાસૂ ભાગ, વહુનાં ઠીકિર કાજિ ન લાગ.' ૩૭૦

જુ ખરચૂં વિધિ વિણુ જૂઆ, નિગમયૂ 'યમ મણુ સાતૂઆ.'
'કાગ કરઇ કુઠે કુહુ કિશુ? ગર્દભ મહુ ઊપાડયુ તિશું.'

જે તે પાખિ ક્રિયા વિશેષ, ' કાલમુખિ થરિ ટોલુ લેખિ. ' ૩૭૧
અપહરંખિ બોલવીયા ભૂર, મેલી શવિ કાં મળ્યુ ન સૂર !
' ધરીનઈ ચોટા ચોર ઠક ઠાર ? કૂડા બોલુ ઘઇ કિહાં વાર ? '
લોક તણાં બોલ્યાં સાંસહિ, ' કૂઆનુ ડેડક થઈ રહિ ' ૩૭૨.

કહ્યું કવી મૂરખ નિરવાહિ, ' કાંણુ રાંણુ આંધા માહિ '
વેધિ રાગિ વિખાણુ ભલુ, ' યમ ગામડિટનુ ગાડલુ. '
' મણિ માણિક મોતી પરહરઇ, ભીલી હાર ગુંજા કંઠિ ધરઇ ' ૩૭૩
' સાતૂં ટર્મ હશિ યમ ભેટ, સઇઆણી આગલિ યમ પેટ. '
' માહલ મઢયૂં ' કહિ શવિ લોક, ' પોથીનાં વિયંગણુ ' યમ ફોક.
' હેમ ગયૂ વ્યાજિ સર્વ ફૂલ, જાંણ્યા કોહિડા ફુડી મૂલ ' ૩૭૪

યત્ન કરૂ અતિ ઉપરિ ધર્મ ' ડગિ ડગિ કરૂ વિચાર સ્વકર્મ. '
પગથી પગથી અજવુ વૈરાગ, ' કાં ઉછલી એ ભાગુ પાગ ? '
' કાચ તણુ કૂંપુ એ સાર, ડમકતાં નવિ લાગિ વાર. ' ૩૭૫
' ધર્મ સુંહાલૂં સહૂકો કહિ, યોગીશ્વર ત્યાં વનિ રહિ.
' કૂકી પાગ મૂંકઈ આપણા વાણી વસ્તુનઇ યોખમ ઘણાં. '
' આપણપૂં આપઇ ઉદ્ધરૂ, મીંચી આંખિ અંધારૂ કરૂ. ' ૩૭૬

તપની વાત તપીશ્વર પૂછ, અણુ જાણિ ' મરડિ મન મૂંછ '.
શોધી વિશિ વલિણુ કરૂ પિશાચ, ' જીપૂં કાંમ શૂ કંદર્પ માચ !
સ્વામી શેવ ન લીધી ભૂરિ, ' રલીઆમણા ડુંગર થ્યા દૂરિ. ' ૩૭૭

પુત્ર કલત્ર ધન છાંડિ મ ફોક, ' હસારથ હોશિ મંહિ લોક. '
' ઉલઇ ગઢગિરશિ કિવાંર ? અર ચીંતવે અસૂર સંવાર. '
શુક સનકાદિક સિધા વૈરાગ, ' માતિ સુઢિ પસાઇ પાગ. ' ૩૭૮

સહુઈ સમૃતિ પુરાંણ સાંભલઈ, કેતાં મનિ ન કાચલિ ટલઈ.
કહી કહી ભાગા ગુર શીખ, શ્રવણે સુણીતાં ગયા વરીષ.
તેહનઈ વલી વલી કહઈ કુંણ ? ' ભૂંડા ચોર ભલા શકુંન. ' ૩૭૯

' દેવ ચરીત તુ દેવજ લહિ, ' તું શું જાણુ. મંડણુ કહિ.
' રાવી પીતિ પોત પરીઅટઈ, ' તેહવૂં નાંમ તોરૂ મઝ ઘટઈ.
' રયણુ રાંકઘરિ લહિ શૂં મૂલ ? બાડી માથિ ચમ કહિ ફૂલ. ' ૩૮૦

ઇતિ વૈરાગ વીશી.

લોક પીડા વીશી.

જુ તાહરાં તપ કર્યાં પ્રમાંણિ, 'ખુટિ મ રોમ બિલાડા પાણિ.'
' વારિ ન કરઇ વજીર અન્યાઉ, બાપ ચોર બેટઉ વિવસાઉ. '
કહિ નહી કરઈ શીખ અહ્મ તણી, ' મા માહરી જુહિ વાંઝિણી'. ૩૮
ધન મેલઇ તોરઇ શું કાજ ? જુ તઇ પાંમ્યુ એવડ રાજ.
લુસી લોક કહિ ધન કરૂ, ' ભાગુ ઘડુ નહી ઠીકરૂ. '
પાછલિ ચમવેહન બહુ સહઇ, 'રાંક હાથિ રતન કિમ રહઇ ?' ૩૮૨
કાં લોભિ મન તાહારૂં ચલઇ ? ' દેખઇ નહિ માથિ મણિ બલઇ. '
પ્રજા ઘણુઈ ભરી વૈરાગિ, ' કહિ સખાઇ આવ્યું કાગ ! '
પાંમઇ પદારથ આદર ઘણુઇ, ' રોલ્યૂ ધૂલિ કરઇ આપણુઇ. ' ૩૮૩
હાથિ કાતી ન આપિઇ કણું, કિશું કૂકડઇ ઉતારણું ? '
મેહલ્યા કરી ચુહુટાના ચોર, હાથી નઇ પગિ પાડયુ સોર.'
રાજરસિ તઇ ઇમ કાં કીઉં ? ' દૂધ બિલાડી ભલાવીઉ ! ' ૩૮૪
આવ્યુ અર્થ ઊપરિ બહુ ધ્યાંન, ' પર મા વિણુ કુણુ વીધઇ કાંન !'
' મહુઈ કાતી ચાહી લોક, દરિદ્ર આવ્યુ ઘરિ પડીઉ શોક. '
નીસત વભય નર ચવિ નડયા,'અજાણ્યુઇ અંકિ સ્વર્ગિથી પડયા !'૩૮૫
દુષ્ટ વિના કુણુ કરઈ મકાતી ? ' પામી ભૂતિ ની વલી દાતિ. '
આપઈ પશૂં અજા કરિ ઘણી, પીડઇ નહી કહિનુ ભય ગણી.
કરિ કુરમાંણુ અપાવ્યૂ મિલી, ' આગઇ ભાંડણિ છાકી વલી.' ૩૮૬
પીડા પ્રજા કરાવી વેઠિ, ' પાછલિ ગૂડા ભારે શેઠિ. '

ભૂપતિ ભૂરે ભલાવાં ગેહ, ' કીધા ચોર વુલાવા તેહ. '
સુખ આદરૂ ચ્યંતા મનિ ચૂકિ, ' ઉખધ વ્યાધિ ભલાવી મૂકિ. ' ૩૮૭

સાધૂં પ્રજા મકાતી ન જોઇ, માંડે કાજ કપટમઇ હોઇ.
' ઉટ ઢેકા પહિ અવલાં કરઇ, પૂકી ગલ્યૂ ન જાઇ પરઇ. '
હોસ દીવાણુ દીજઇ તે હોક, ' કાઠિ કાઠ વઢાડઈ લોક. ' ૩૮૮

આપ્યા પુત્ર પીઆરી હાથિ, ' ઠાકુર ઘરિ નવિ ટલી અણાથિ. '
આવ્યૂ ઘરિ શવકહિનઈ ગમઇ, ' કુઝિણીની પાદૂ તુ ખમઇ. '
' વાંશિ વાંસ ઘસાઇ બલઈ, કો કાં પઇસઈ એ આમલઇ ? ' ૩૮૯

ઊભી પ્રજા શીહાણુા લોક, 'માચ સોજા તુ થઇ ગ્યુ હોક.'
' વાટલીઇ નવિ કાંઇ રહ્યું, શીરામણુ પરવારી ગયૂં.'
ગામિ ગામિ હીડઈ રડવડ્યા, ' રાતી માટીના યમ ઘડયા ઘડા.' ૩૯૦

' બંદા ઉપરિ બંદા મિલ્યા, લૂગડ કાજિ અતિ આકુલ્યા. '
' મુખતેમીર કોઇ કોટવાલ, કેતી લોક સાચવઇ ચાલ.'
' અવની અસાધિ વ્યાધિ મુખિ મૂછ, વાધઇ યમ હનમંતનુ પૂછ.' ૩૯૧

મહુશલિ લીધૂ યમવાનૂ વાટ, ' આંઠિ ગરથ ન લેખૂ હાટિ.'
'ગરથ રહ્યુ અધવિચિ તે લાંચ વ્યાજિ ન લાભઇ પડીઉ ખાંચ.'
પહિલા મકિર પાછલિ કુણુ હીયઇ ? 'ખોજે ખોલાધર દંડાઇ.' ૩૯૨

રાઇ સજન ભંડારી કર્યા, તિહાં તે ' નીઠઈ કૂઆ ભર્યા.'
' રાજા મુખિ બોલઈ તે ન્યાય, પાસઉ પડઈ ગણુઈ તે દાઉ.'
' રાંડા રાંડિ કહી નવિ ગમઈ, આપી દ્રામ કહિયો યમઈ.' ૩૯૩

રાવ કરી રાજા નવિ જોઇ, ' કોઠી માંહિ ઘાલી મહુ રોઈ ?'
કરી પ્રધાની બહુ ધન મિલ્યુ, ' દૂઠણુ બાકૂ ચડ્યુ ઢોકલૂં.'
પતિ વંચી કીધૂં ઘરકાજ, ' માથા સૂનાં જાઇ રાજ.' ૩૯૪
નારિ નવીઈ રાજા ગૂત, 'પુતા તાં જાં ખોલઈ સૂત.'
એહૂં નવિ જાંણ્યું તે રાઈ, પેખુ ' પર ઘાઈ પર ખાઇ.'

'કૂડા કેડિ પાડુઉ કહિ, 'હાખિન સહુ વિગતે વિધિ લહઇ.' ૩૯૫
પૂછઇ ધણી કહા પ્રજ કાજ, કૂડઈ કહ્યું 'રામનૂં રાજ.'
મહિતઇ વાત વિમાસી ઘડી, 'કીધી વાત ગહી ચોપડી.'
'શ્વાન પાત્રે કોડાઉ ચટાઇ, ઇલતિ ગઇ આહિતિ નવિ જાઇ.' ૩૯૬
'ઉછલ કરી પદ મોટૂ કીયૂ, કોટિ કાગ રતન બાંધીઉ.'
'ઠાકુર પાશે લોભિ લાડ, કરઈ કિશુ હુંડીનૂ હાડ ?'
'શુણુ પુઠિ દોસ મન દમઈ, 'મ તિશૂં શેત્રજ બાજી રમંઇ.' ૩૯૭
સ્વામિ દ્રોહિ અર્થ બહુ જડુ, 'શેહેલાની પરિ ચાંપી પડયુ.'
'નાચઇ સાપ શરિ ડેડકી, ગણુ ગારડી ન જાણ્યા સકી.'
સ્વામિ ન ઉલખઇ પુણ્યપ્રતાપ, 'કણુ પાહિ શ્યાં મોટાં માપ.' ૩૯
'લાગા અર્થ તણા બહુ ઝલા, 'ઝરૂ પાહિ લોભ આગલા.
'આવ્યાં પડલ' નેત્ર મન ચલ્યુ, 'માતી સૂના નારીં મિલ્યૂં.'
'પીડા લોક કહિ ઠાકુર વલા, સેઠિ સઢાલ ખોટાં કાટલાં.' ૩૯૯
'લોહી લોક તણાં ઘણુ પીધ, મીન મેષ વિચાર ન કીધ.'
ભાગા લોક ન લીજઇ વાઇ, સ્વામી શરણ્યાગત તું પાય.
રાવ કરઇ મંડણુ અતિ ઘણી, સાર કરે તૂ સેવકહિ તણી ૪૦૦

ઇતિ લોકપીડા વાશી.

કૃપણુ વીશી.

જાણૂં નહીં લીલાં મનિ રાઇ, આગલિ ચૂકિસિ એણી કાઇ.
'કરઇ કિશૂં સોનાની છરી ? માંન્યૂં હાટ મસીતૂં કરી.'
માહ રણું પરાભવ સહી, 'શેખ તણી ટોપી ધરિ હેઈ.' ૪૦૧
ધાખ્યુ નર પ્રધાની લાગિ, 'તરણુઇ ચરિ મુકઇ યમ આગિ.'

સોધી સજન બાર આપીઉ,યમ ' હીરે હીરૂ વેધીઉ.'
વય નઈ વજીર વિચારી જોઇ, ' રૂડા કેડિ રૂડૂં હોઇ.' ૪૦૨

દીધી શીખ ઘણી પરધાનિ, દીઠુ આગલિ ' પાકૂં પાંન.'
દાન તણી હવઇ જ્યુ પતિ લાંપ, ' ચડી પાટલિ દીધી ઝાંપ !'
' જુ પાપ શરિ ભરીઉ ઘડુ, જુ સાગરૂ કાંઇ સાંકડુ ?' ૪૦૩

આગઇ જ્યા રાજા જૈ હશાઇ, ' સૂઇ કેડિ દોરૂ આવસઇ.'
' નીદ્ર માંહિ દિન ગ્યા શવિ વહી, બલતાં ડાંડુ કાઢયુ નહી.'
આવ્યુ અંત ગરથ વાવરૂં, ' કાઢયૂં મીઆં તરકસ કિહાં ધરૂં ?'૪૦૪

' હિ હિ કરતાં પાડયું સોર, ખાંડઇ કાઢિ મિલતઇ ચોર.'
માંહિ અવટાઇ ઘણુ ઘણૂં, ' રામ વિનાનૂં શૂં પેખણું ?'
' કરઇ કિશું જે પડયુ અઘોર ? રૂડા દીસઇ માંડયા મોર.' ૪૦૫

અસકતિ અંગિ ન થાઇ વરૂ, ' શર તાણી બાથુ રખ્યા કરૂ !'
' આજ કાલિ કરતાં ઇમ થયૂં, આંખિતણૂં હાસૂં થૈ ગયૂં.'
' માગણુ મિત્ર ન મેઘી ભયો, થૂંકિ પૂડા ઇમ કાં કયો?' ૪૦૬

' જાંણુ થઇ મ રહિશુ કોઇ, ડાહી વાત ન ડાહી હોઇ.'
જુ હુતુ શવકહિ શરિ ધણી, ' કોઇલિ કાગ થઇ હસાંમણી.'
આલસુ આઇ જણ્યા દીકિરા, ' માંચીના માંકણ ' થઇ સર્યો ! ૪૦૭

' જો જો તિલિ ન એણુઈ તેલ,કુણિહિ ન પૂરી પાસઇ બેલ.'
' મુહિ ન ઉડઈ મઇ માખિ, પાંણી નાલિકીર રહ્યું રાખિ.'
' ચડયુ ઉફાલુ દૂધિ યમ, શમ્યુ તુલડી માંહિ તિમ.' ૪૦૮

પહિલૂં કયૂં હુઈ અભ્યાસ, તે વેલાં આવિ અવિનાશ.
હાથ ઘસી હરિ હરિ ઉચ્ચરઇ, નિશ્વાસુ નાખી ચક્ષુ ઝિરઇ.
' એડુ બઇસાર્યું નિજ ઠાંમિ, ખોલઇ માથું મૂકયું સ્વાંમિ.' ૪૦૯

કૃપણ કિમ ધન ખરચીઇ જોઇ ? ' કોઠી ભરી કોઠીના ન હોઇ.'
' ખીસુ આપ આપ કરિ ભલુ, કો નીલજનુ વાદિ ગલુ !'

'પાપીનુ ધન પ્રાશ તજાઈ, હરઇ ચોર કે લૂસઈ રાઈ.' ૪૧૦
મૂંડાનૂ લેતાં શું દોષ ? ' શેઠિ અધૂરા વાણુત્ર કોઠ.'
' સઘલા માહરઇ ખાઇ કમ્મિં, ફૂટા મચ્છ વિદૂકુ ધમ્મં.
' કોહલા ચોર દેખઇ કીધી ભૂર, લૂંટી જાઇ ન અંગિ પૂર.' ૪૧૧

કૃપણુ ભુક્ષક નઇ કિમ દઇ ? ' વ્યાઈ હુઇ તુ વેદન લહિ.'
કાવી લક્ષ્મી પૂરવ તણી, ' દીવા કાત્યું શ્રવણુ ન સુણી.'
' વાંકી ડાલિ હેઠિ નવિ ફરઇ, [દાતા કૃપણુ સરિખા વરઈ.] ૪૧૨

ધૂતારૂ ગ્યુ કૃપણુ ઘરી, નાંખી દોરિ આવી પાધરી.
' પહિલૂં દીઠૂ ભૂત ફૂબલા, સંતોખી માન્યા બાકલા.'
' પરિ કીધી મેલતાં અપહાર, યમ લાંખિ કાપઈ સુનહાર.' ૪૧૩

પેખુ લોક તણી એ ભાંતિ, ધાત તણી નવિ છંડઇ ખાંતિ.
લોભી ધની મોહ પાડીઉ, સૂ ' મૂંડા સાથેરિ અહ્મ દીઉ.'
' કહિ સોનાની વાહુ નદી, ખીસઇ પીઆરઇ જો મદી.' ૪૧૪

ચે માગઈ તે આપઇ ઘણુ, જાઇ ધન ઇમ કૃપણુ તણું.
'આંબિલિ ચે અંતિજ ઘર તણી, ખાટામૂલી શ્રવણે ન સુણી.'
લોભિ મન લાગૂં ઇમ જોઇ, 'બાપાવિઇ એક બલદ ન દોહ.' ૪૧૫
પાખંડી સમર્યુ ઉર ભણી, ' સોના થાહરઇ સૂંનૂ કરી.'
ચે ચે સગા વરતા ઘણું, આવ્યૂં ચાલિ ટોલૂં તેહ તણું.
રાખી ખીર તે બોલ્યા શુણુ, 'ડાહી તેડુ ઘાલઈ લૂણુ !' ૪૧૬

તેહનઈ ઘરિ બેટા ચે ચણ્યા, ' સુલી શ્યા ખાઇ મણુ ચિંણા !'
જુ મન તાત તિહાંરઇ ફરઇ, ' ભાંજઇ નહી તુ ખોખરાં કરઇ.'
' લાહુ લાડુ કિમ ન હોઇ ? ડાઇઆં ઉછીના નેવે ખોઈ.' ૪૧૭
ભૂખ્યાં કાંઇ કૃપણુ આસરૂ ? ' સાંડ ભાંડ માતાં પરહરૂ.'
' માન્યુ તાપઇ શું તડફડઇ ? વ્યાઈ તુ જુ જર પડઇ.'
' પુનર્નવા જે પાખઈ પાખિ, હવડાં ઢીલી પાંણી રાખિ.' ૪૧૮
'જાગ્યા સુફલ પુત્ર તેહતણા, એક રામ બીજા લક્ષ્મણા.'

જોયુ નારિતણુ વિવેક, ' નાની વાની કંહિ ઇમ એક. '
જોયુ સર્વ કટંબનુ લાગ, ' મૂઉ માહલીઉ પેરૂ ભાગ. ' ૪૧૯
ખૂટઇ ધન શું કીજઇ ભાઉ ? 'મૂઆં ઉપરિ ગાડાં જાઉ !
જુ મન નારાયણુ નવિ ભલ્યુ, સઘલૂ ' ધન તે ધૂલિ મલ્યું. '
આણુ માંડણુ સ્વામી વીસાસ, 'ફૂલ મરઇ તે રહિતે વાસ. ' ૪૨૦

ઇતિ કૃપણુ વીશી.

યોગવિડંબન વીશી.

પુત્ર કલત્ર ધન યોવન હાગ, તેહનઇ વનિ જાવા શુ લાગ ?
તેહ તૃષ્ણા મૂકઇ નવિ સાધ, , ભાંડ તણી ચોટી શરિ ન હાથ. '
કિમ કિંકર હાથિ ઉગયું ? 'અન્ય ક્ષેત્રઅન્ય માલુ કર્યું ' ૪૨૧
ઇંદ્રઇ વસિ કિમ રાખિ શિકાઇ ? ' ભારૂ સાપ તણુ ન બંધાઇ.'
' પાંણી માહિ દિપ કિમ ભડઇ ? ભાગુ મોતી પછઇ નવી જડઇ. '
ફાટઇ આભિ થીગડ કિહાં લાઇ ? પાંણી નવિ પોટલઇ બંધાઇ.'૪૨૨
જુ તઇ યતીપણું આદરું, મોટું નામ થઇ નઇ સર્યું.
' જો યમ બોલઇ ચાંપિ ડાઢિ, મેહલી કૂપિ વરતઇ મ ન વાઢિ;
લોહકાર લોહડાં ખડખડી, થાસિઇ એક રહિશઇ પડી.' ૪૨૩
થિર મ રાખિ હૌઉ ઉવેલ, 'દીવઇ પરવાર્યું દીવેલ.'
' આંધા આગલી આપહિ વુખલુ, સૂલી ચઢયાં કાગ સ્યુહલુ.'
સુધુ કુલ આપણું સંભારિ, ' કિમ અસ્ત્ર બિ એક પડીઆરિ ? ૪૨૪
'પાલુશઇ યે હથા આગિ, નહી પલવઈ બલ્યુ નર વાગિ.'
ચૂકિશિ જુ મન એ કડી, ' પાછલી રામ પાધરિ બોરડી.'
રાખે કરશ્યુ નામૂં ભલા, પહિલા નીર પાછિલા. ' ૪૨૫
નાહનુ વગડા વાસજ લીઇ,' સેવત્રાં ડાંગે કૂટીઇ.'
' નીર નહી તૂં આવઇ જાઇ, કુંણુ કહિની તે વ્યાઇ માઇ ? '
ગાઢું થાઈ મ મૂકે માંણુ, ' વેચ્યાં ઘોડાં કેહુ ખાંણુ ? ' ૪૨૬

ચોવન ધન મેલ્હી થયુયતી, ' દાંત પડયા કહઇ થાઉ સતી' !
બાઇસઇ ભગત તણા બહુ પાશ, ' ધોતી ઉગાઇ આકાશ. '
' ચેલ્હા ગુરૂ ચેલા થયા તિશ્યા, કેહિ ઈંદ્ર કશાં ઘર વશાં. ' ૪૨૬
' ભોગ અધૂરઈ કિમ રહિ આપ ? છેરી બાંડુ કીધુ સાપ. '
' લુહાર ચોલઈ ઉઠઈ આગિ, આવી ટીપ ગલીનૂં લાગિ. '
' જોયૂ ઘૂંઘટ માહિ વિનાંણુ, ઈંદ્રવણાં ફલ રૂપ વખાંણુ. ' ૪૨૭
'બૂડી રાંણી ઉંડઇ નીરિ,' તુ લી વાંટી કામ શરીરિ.
' ચાલૂ કહિ ખાંડાની ધાર, માહિ ન જાંણુઈ મોટુ માર.
' મુખિ તીનુ પાછલિ થયુ બૂઠ, ઝૂબી આપ કરાવ્યું ઠૂંઠ.' ૪૨૮
' કહિ લેશું ફૂટી હવં પાર, પુત્ર કુઆરૂ ગયું કેદાર.'
' વિખ ખાધા વિણુ મરશુ નહી, ગાંઠિ બાંધિ વરસા સુ રહી. '
' વાતઇ કિશુ લોકનઈ વાહિ? વાત સુણીશઇ લુણિ માહિ. ' ૪૨૯
આવ્યુ જતીપણાનુ અંત, ' મેલી જીભ ભલાઇ દંત. '
' ચોર ચોરની જાણુઇ વહી, સાપ સાપની ધસરડિ લહી. '
મુદ્રા ઘાલી બાધા સોત્ર, ' નાહુ કાશપ લાગઇ ગોત્ર. ' ૪૩૦
જોયું ઘાણું તડી તડફડી, ' તિલ ખાધઇ થાઇ ચોપડી. '
'પહિલૂ ઘર શુ કીધ તાડ, બઇઠુ થઈ બગ તશું ઝાડ. '
નારી આપ ન ઉતર દીધ, ' કાન્હા વડઇ બોકડી લીધ. ' ૪૩૧
પાછલિ મિલી ભલી તે ઘાત, ' દારી ભરડા મિલ્યુ સંઘાત. '
' સાઠિ સોહલુ મિલીયુ ઘરવાસ, સાલી દીઠઇ મિલી આસ.'
' પાંણી કિમ ઉતર્યું જાંણીઇ ? હિઘડુ ભરીય જુ નામીઇ. ' ૪૩૨
ચોગીનુ મારગ તે લયુ, 'પાપડ ખાઈ પદમસી થયુ.'
મૂલી જડી ધાતુ વર દેઉ, ' બઈઠુ મીઠી કાતી લેઉ. '
' નાક વિના શુ આવી જડૂં ? એતાં કણુકિ પાંણી પડયુ. ' ૪૩૩
જાણૂ એ બ્રહ્મચારી હશઇ, ' કિમ એગુઈ ધણુ ધાડિ ભાજસિ ? '
' કહિનૂં કાજ ન એકઇ સીઝ, ' ગાંમિ ગાંમિ વિલાસુ ઝીઝ.
સિદ્ધિ તણી ' વાચઇ ગુણુ વહી, બઇઠુ સતી સાંડલી થેઇ; ' ૪૩૪

ખોટા યતીનાં ટોલાં મિલ્યાં, [જિમ બહુ બગલા ધ્યાનિ ભલ્યા.]
જુ માંડુ પરણાવઇ નિધિ, તુ ' મૂંઆની આવઇ સિદ્ધિ.'
' સુંખી નિસાતુલીયાં શવે, ' સુધા મુનિ નસાહાડયા નવે. ૪૩૫

' ઉદર ભરેવા માંડયુ દુલ, ઘણે રાંકે કૃત મુહગુ ખુલ.'
માહિ સદન રહ્યું જુ જાગિ, ' પેટ તણી કિહાં ધાતઈ આગિ
' નર પાધરાં રહિ કિમ મન ? વારૂ રાંધણિ વિણાસઇ અંન.'૪૩૬

પછઈ મિંલ્યુ સાતીક સાથિ, ' જાણુ ઘડુ કાંનુ રહ્યું હાથિ.'
કહિઇ ઇમ લોકઇ હસુ, ' વિખ ખાધઇ છઇ પાણી રસુ.'
હીડઇ ઘણા ઘણા ઘર પીઠ, ' કુહ્યું કિયાણૂ લોકે દીઠ.' ૪૩૭

' યે યમ આવઇ તે તિમ જાઇ, ખારૂ પાણી નઇ પૂઠિ વાઉ.'
' કોરર દીઠ કંકોડી પાહી, આંધી આંધા વિગલા બાહિ.'
ન્યાની તણા બોલઇ બહુ ઘડી, ' બઇઠુ સ્વર્ગી ઉપરિ ચડી.' ૪૩૮

એક જિ કાં નવિ હરિ સમરૂ ? ' કૂચા પોથી કાંઈ મરૂ ?'
'સૂધાં સૂત્ર અગ્યારા ગિ[illegible], બાંગ સી ઘરિ બાંભણ તણુઈ ?'
કહિતુ હીડઇ કંથા સડી, ' મ[illegible]કરાં વયગણ તવ તુલડી,' ૪૩૯
કરતાં દીસઇ માંહિ વિકર્મ, મોટા તણાં વિગોયાં ધર્મ.
આજ્ઞા તોરી મૂકી હાથિ, 'વાતે [illegible]ંઠાં બિઠા થાકિ.'
કહિ મંડણ મઇં લીધા પાગ, જો [illegible]ાની પરિ મનશું લાગ- ૪૪૦

ઇતિ યોગવિડંબન વીશી.

ભૂતભાવના વીશી.

મંત્ર જંત્ર કવિ કુડા લાખ, 'માતાની ઘુઘરીની સાખ.'
'કાઠ તણી તુલડી જોઈ, એકની ના રંધાઇ સોઈ.'
'દેવદાર ચોપડા ન સુણી, કર ચા[illegible] ધૂલિભર્યું આફણી' ૪૪૧

ભૂત પિશાચ આશા ઘણી, ' રાખ ન વહી એક લાડ ભણી.'
' સબલઇ ગામિ ખમાણા વસઇ, તિહાં ધોબીનઈ કેહવુ રસઇ ?'
જૂ તેહે જીવતુ મૂકી ઘા, ' જાંણે ઘૃત ઊંબર ધોઇઆ. ' ૪૪૨
' પાણી તરશાં પાસઇ કહી, તલાવિ સહીઆરૂ જેહનઇ નહી. '
શું કરશઇ તુહનઇ તન ચીંત ? ' બહુ ભાંડ ન બહુ ચરીત '.
' યે સાચવઈ સરોવર જોઇ, પીયઇ આવી કૂઇ ન કોઇ. ' ૪૪૩
પ્રીતિ પિશાચી પૂજામણૂં, યમ ' આંધા આગલિ પેખણૂં. '
' ઘોડુ ત્રહી ત્રહી નઇ મરઇ, તે અસવાર મનિ નવિ ધાર. '
હોમ કરી ધન બોલ્યૂં અંધિ, ' લા મ પડઇ લોહગાંઠિ બંધિ. ' ૪૪૪
આવીનઇ મન અહીંઇ વશું, ' ભઇસિ પાણીમાંહિ સાંડુ કિશું ? '
' ઘરિ કૂકડી તે માંદી સુણઇ, માગઇ માહિષી ઊતારણિ. '
' ભઇસિ કૂકડી સાડુ યીમ, આંબાવાડઇ થોહરની સીમ. ' ૪૪૫
' ભવ ભાંજી કહિ બઇસુ સખિ, તે લક્ષ્મી તેતરનઇ મુખિ. '
' મારૂ મગ દેખતાં ખાઇ, આભિ પડયુ ઝીલ્યુ ભૂમાહિ. '
તે આગઇ વિછુટ્ટુ રલી, ' છીડૂં પડું વાડિ દૂબલી. ' ૪૪૬
હરિ મેહલી તેહનઇ કા મિલ્યુ ? ' માગિ પેટ ઊપરિ પોટલું. '
' ત્રુટી નાડિ કિમ જીવીઇ ? વયરિ તણી શું નવિ રાંડીઈ ? '
મોટા કીધા બોલી ફાર, ' વહિતા બલદનઇ ન દેઇ આર. ' ૪૪૭
તૂં કર વાંછઇ તેહની આસ, ' ઢીવણુપાલ નઇ મદનવિલાસ. '
' એ ચાટવી કૂકરની લાલ, ઉડયું ભૂત હલાવઈ ડાલિ '.
શેવા કાંઇ નહિ હરીની કરી ? 'જિહાં ચુહુટયું લોહી નીસરઈ'. ૪૪૮
પેખઈ નહી બહુ ગહિલા કર્યા, ' વડા દેવ ઈણીપરિ ગર્યા '.
મેહલ્યા જોઈઈ આમિષ ઘણાં ' કૂહાને સાલીયા વતરણા ઘણાં. '
હોઉ પ્રસન્ન હોમ બહુ દીઉં, 'છાંણઇ ચડિઇ વીંછી આંણિઉં'. ૪૪૯
તેહ તણઇ વસિ રહેવું સદા. દીન કૃપાવ્યૂ ચૂકિયિ કદા.
રૂસંતાં નવિ લાગઇ વાર, ' એ બલતાના તાપણહાર '
શવિ સંસાર તણા એ વરુ, ' મૂડ ઘાલિ મ કરૂ ગોખરૂ ' ૪૫૦

વિશ્વાધાર ચેત સંભાલિ; ' નિત મઇ નિતિ ભાખા ટાલિ.'
'ખાતૂં પીતૂં થાવિ શું ખાઇ ? ચૂહૂ ઘર નાખીનૂં ન્હાઇ.
' કેહૂં મૂઆં મફલિ કાલિ, વાલ્હી ડાંસ દેઇ કચ ટાલિ.' ૪૫૧

આપી મંત્ર પરાણિં તેડિ; ' અહાઠ'ચિ લાગી તાં કેડિ '
શરણાગત લ્યુ ચવકહિ સ્વામિ, આગઇ ઇશ્વર છિ શું નામિ.
માંનઇ કાંઇ બોલ તે ' જડયા, ન્યાઇ શું ઉપરિયા પડ્યા. ' ૪૫૨

સમરઇ એક અનોપમ રાંમ ' કહિ ભાગા થવિ લઇઅચિ કાંમિ'.
આંખિન નારાયણશું નેહ, ' ગોરૂ ગોરૂ ગોત્રઠિ સરેહ. '
દિન દિન પ્રતિ જાઇ મન ગહ્યું, 'આન્યું બોલ નઇ ઝગડુ ટહ્યુ.' ૪૫૩

તૂં જાણુતાં એહ અભાગિ, ' ગુલિ મકોડુ યમ શું લાગિ ? '
સાચૂં કહિતાં કાં નવિ ગમિ ? 'તેજી તાજણું નવિ ખમઇ. '
અઢાર પુરાણે જે બોલીઇ, કહિઇ લક્ષ ભાખિત ઠેલિઇ. ૪૫૪

અવિધિ મંત્રતણુ પ્રણામ, ' શું બોલઇ બે સારૂં ગાંમ ? '
'કરડ્યાં શ્વાન ખાસડાં લાધ, આગઇ દુખ નઇ ડાહિણિ ખાધ.
' પાર્શ્વનાથ પતીજ્યુ પરિ, કાઢિ કલશપૂજા બે હરિ. ' ૪૫૫

વ્યાપી રહ્યું એક અવિનાશ, સહુઇ ઇમ કહિ વીસનૂંદાસ.
જેહનૂં અવની એકજ રાજ, ' લોકાચાર સાચવઇ કાજ. '
રાખ્યૂ નહિ મન એકઇ નાથિ, 'વાતે વ્યંઠા જાગુ જણુ સાથિ. ૪૫૬

'વાતે વડા ન હોઇ જોઇ, પાડુ પોસી કો કહિ રોલી ?'
' સૂત વિના નવિ વાજઇ ગહૂં, કહિ લખીઆ અક્ષર આગલું '
રાખુ મન નારાયણ નામિ, ' પડિ હાકિ નીસરિ ભૂંબ લાવિ. ' ૪૫૭

' પડિ અનરવા લીડઇ વિણુ તોઇ, આપ તણું મહમહ શું ભોઇ ?
જેહનઇ પાપ કરિ નવિ લાજ, ' ગીતાં ગહુ વાપરૂં કાજ. '
'ફુગાલો પ્રીયાણું કોહિ, ઉભાં રહી આંખડ વિગોઇ. ' ૪૫

તેહનુ [illegible] આધાર ? ' મૂઠાનડી આગલ [illegible]. '

શેવા કરિ હવિ શ્રી ગોપાલ, ' જાં નવિ વાગુ ભૂત ઇટાલ. '
જાં નતિ મૂંકશિ થડિલૂં કરી, ચેતન ગ્યા શૂં સમરશઇ હરી. ૫૫૯
કહિતાં ' કાકિડા વિષ ચડયુ, ' રામનામ સૂધ સાંપડયૂં. '
જૂ મેલ્હુ કૂડા ગુરૂ કેડિ, તેહનઇ " દેવિ કરાવી વેઠિ. '
પાછલિ દિન કર્યાં પ્રમાણ, માંડણ પતિની માની આણ. ૪૧૦

ઇતિ ભૂતભાવના વીશી.

શરણ વીશી.

સહિજિ સાંભલિ વેદ પુરાંણ ' મીઠી વેલિ વિશ્વ વખાણ. '
અરિપરિ મન જાતૂં ટલઇ, એ મંડણ 'ઘાલૂ કોથલઇ.'
પ્રીછી લ્યુ શાસ્ત્ર નોહલી, ' છઇ ચાટલી અલૂણી શલી. ' ૪૧૧
' આસાધરનુ ડાંડુ કહઇ, વિલગલ નહી વિચાર સોઇ લહઇ.'
કામ ક્રોધ લોભાદિક ભવે, કોફલીયાનાં કોફલ શવે. '
પરહરિ સત્ય શોચ આદર, ' સાલિબીજ લોકમાંહિ, સરૂ.' ૪૧૨
' ચેણિ લોપી કલનાં સીમ, એતાં ડાહ્યુ મોટૂ દીમ. '
ચમ ચમ સદગુરૂ વાંણી સુણી, ' આંત્રે ગાંઠ પડી તવ ઘણી. '
સ્વામી ચરણ શરણ અણુસરી, એક અપૂરવ જાણું હરી. ૪૧૩
સુણી વચન મન હૌઉ થીર, અંતરિ આણૂ એ રઘુવીર.
' કૂર દાલિ મિલી એકજ થયાં, રહી અલગી કાચરી હરિ મયાં. '
લક્ષ ચુરાશી તારણ પાજ, ' લાધુ પંથ અકલ હીંગલાજ. ' ૪૧૪
મેલા જપ તપ તીરથ કલા, ' એ જાણી કચકચ કોથલા. '
વિષ્ણુભક્તિ આણી ખરી, તીરથ છાંડી કાં નવિ આદરી ?
ટાલી ભ્રાંતિ ચુગતિ મતિ લેઇ, ' રહ્યા સુરતાંણ આણીના થઇ.' ૪૧૫
કિમ અવિનાશ વારૂ પદ લહું ? ' માંકડચે ફુલિ કો નાચીઉં ? '
વિષ્ણુ તણી એ વલગુ બાંહ, ' થાઈ રહ્યુ પાધરિ પાતસાહ. '

'ઉતાવળા કહિ પાણીઆ, સાંસતાના પ્રાસાદ સકીયા.' ૪૬૬

જુ અંતરિ આવ્યુ અવિનાશ, 'ઊભશાઇ સુપડીયાં પંચાસ.'
'દેઉલ આગલિ પાછલિ રાજ, એણુઇ મારગિ ન લાગિ લાજ.'
'પામ્યા શરણિ પરમેશ્વર પાગ, કહિ કોદરે શઠ્ઠ નાવિ લાગ.' ૪૬૭

તીરથ તીરથ માહાતમ ઘણું, કિમ મન રાખુ એ આપણાં ?
'તોરઇ છનવ કોહલાં હાથિ, કહિ જાવૂં આપણ કે સાથિ ?'
રામનામ એક અંતરિ ગૂઝ, હું પરહુણુ એક ઘરિ તુઝ.' ૪૬૮

મઇ માંનૂં હરિ એકઇ અદષ્ટિ, 'સૂત્રધાર યમ બાઉલિ દષ્ટિ.'
જુ મઇ પામી વૈષ્ણવ ખ્યાતિ, 'કાં નેકુલનઈ જાઇ રાત્રિ ?'
'હેતુ રહ્યુ અવની બહુ ફલ, એ હાથેલી માહિ વેરાલ.' ૪૬૯

રડવડતાં મઇ જોયૂ હૈયા, 'વાણુત્રી એતાં લોહોટીયા.
'ધણી ધણીનૂ ધન સંચયઇ; તુ ગોપાલનઈ કાં નવિ રચઇ ?'
'ખમણા મારવાર કુણ ધણી ?' શરણુ વિરાજન સ્વામી તણી. ૪૭૦

સ્વામી તણાં ચરણ મુખ જોઇ, 'પેટિ પેટિ અધરણી નવિ હોઇ.'
નામ લયુ ચે સ્વામી તણું, 'તડકઈ પડયા છીયામણું.'
'છીયાનઇ સુખ તડકુ કરઇ,' તિમ મન મૂં તમ ચરણે ઠરઇ. ૪૭૧

બહુ તીરથ મઇ જોયાં ફરી, 'બારે વરસે ગોદાવરી'
તોરાં ચરણ શરણ ફલ શીઘ્ર, 'અગ્નિ ઘૃત તત્કાલિ વીઘ્ર.'
એ મગ એણુઇ નીરિ ચડઇ, તવપદ શરણિ આવ્યુ રડઈ. ૪૭૨

કિમ એ સાજુ રહિ શરીર ? 'વાઘ બિહુવચિ પીવું નીર.'
'દીઘઇ બારિ ધણી થયા ફિરઈ' પરભવ અંગિ સંભારી ભરૂ.
એ સંસાર અતિહ આકુલ્યુ, 'તુ પરસંગિ નરશિહ મિલ્યુ. ૪૭૩

'શાખહુ ઉદકિ રહીયા બીંજ, બિફુઉ તે ગૂઝિ નવિ લીજ.'
બહુ તીરથ કહિનાં કહિતણાં ? 'ઘણા ઘરના ઘમ પરૂહ્યા.'
કલીયુગ તૂં ગયુ વિસરી, 'એક પડ્યે દેહરી સમધરી.' ૪૭૪

ઘણાં ઘણાં માહાતમ ચે ભાઈ, ' એક એક ના તેજ ભમાઇ. '
સંદેહ ન ટાલ્યુ જે મુનિ ભલા, ' ઉઠિ બહિનિ એ તિલ તેતલા.
યે આવી પ્રણમ્યા તવ પાઈ, ' તે ઘડી કોડીણી થાઈ. ' ૪૭૫
જેયુ શવિ તીરથનુ નેહ, ' એ કાકી પીત્રાણે તેહ. '
એ તં ઘાત મિલી કી નુહૂરઇ, ' પણ દલ છવી તણાં સાંભરઈ. '
' ભગઇ બંધ નહી' હો સ્વામી, તુ હુ આવી વલગુ તવ નાંમિ. ૪૭૬
' છાસિ બાફલા ' હેપી ગંધનૂં, ત્રિભોવનધર કેડણ કંધ:
' વાતિવાત સ કાગિ કાગ, ' તૂં વિણુ દીઠુ એ શવિ લાગ.
જે પ્રણમઈ નવિ તોરા પાઇ, ' ઠાલુ આવ્યુ ભૂલુ જાઇ. ' ૪૪૭
અન્ય સુણી ' લાંપાનાં રાજ, ' કોઢી દુખી હેઉલે કાજ. '
તૂં વિણુ કોઇ ન જાઇ પારિ, ' તંબોલીયા તાલ સંસારિ. '
તૂં વિણુ કલાપ્યા જે સુર તમા, ' તે શવિ પાણી યમ લીબૂઆ.' ૪૭૮
કાજ કિશુ બીજે અનુસરિ ? તે ' કોઠીના મુહુના પરિ. '
લીધા ઘણા ઘણેરા નીમ, ' ડાકિણુ તણા મિત્ર પરિ યીમ '
' ગોરી માંહિ ખીલઇ શૂં કાજ ? ' જુ મઇ પામ્યું તોરૂ રાજ. ૪૭૯
' શું કરશિ સાવિજનઇ ઘણાં ? બાચોલીયાં પથ્થાસંઘ તણાં. '
યે આજ્ઞામાહ રહી ઉલગૂં, તેહનઇ કુણુ થાઇ શરિગતૂ ?
માંહણુ રહ્યુ તવ ચરણું લઇ, ' શી કીડી ઉપરિ કટકઇ ? ' ૪૮૦
ઇતિ શરણ વીશી.

સેવા વીશી.

' આમઠ લોગિં કણુકણિ કહું, એતાં છાંણુ છાંહવું અહૂ.
' નાવઇ સુતિ ઉષધ જે ઘાટિ, ' તે સ્વામીની આજ્ઞા માટિ.
' સુખી દુખિ હોઇ વિણુ આપિ, કિમ છૂટઇ બહુરિ વિલાપિ ! ' ૪૮૧

ભૂલ નવિ જાણી હરિ મુહાડિ, 'માંટીપણુઇ મરથી વિધિ વાડિ.'
'ડગમગતુ ચાલતુ સંદેહ, ઉત્કટ કષ્ટ પમાડયુ દેહ.'
સાચા શ્રુતિ મારગ ગુરૂ મિલ્યુ, 'ભૂલા સોઇ ઇહથ્યા વલ્યુ.' ૪૮૨

શું હુઈ સુર બીજા સ્તવઇ ? 'આરઇ કાચી વિણ ભોગવઇ.'
'હોલિલુ દેતાં યમનઇ જાપ, એ કર્મ સુઇ માંહિલુ સાપ.'
સ્વામીની શરણાગત રહઇ, 'આંખિ વિસ એ મહાવિસ કહઇ. ૪૮૩

કર્મ તણુ ભય આંણી અંગિ, તીરથ કરૂ વિવસા પસંગિ.
જાણુઇ છૂં હુ તેહજ ચડઈ, 'તૂં રીસં શુ કાત્રો ચડઇ ?'
જાં નવિ કરૂ વિષ્ણુપદ ભેટ, 'યમણુ પીયારૂ ન પીયારૂ પેટ.' ૪૮૪

ચે ચે કરઇ અનેક ઉપાય, 'ઘરટીનઃ મુહુવાસુ ન થાઇ.'
અત્રની કીંતા નદી તીરથ વિના, 'ગામિ ગામિ અવગાહિ જના.'
મગાત મગાત સહુઇ ઇમ ભણુઈ, 'ઉઘલતી ફુલ કેહાં ગિણુઇ?' ૪૮૫

'વાઈ ઉંડતા કાકરા, શુ હુઇ તુ શવિ દેખઈ નરા.'
હરિ આગ્ના વિણુ હાકટ થાઈ, મઈ પાંચઈ તૂં નૂકે માઈ.'
'માહિ કિમ થાઈ ઉજલા ? સહુ કરતા સોનાની કલા.' ૪૮૬

વિષ્ણુ ઉપદેશ વિના ચે દીઇ, 'કોઠીનાં કાથુટિ ચહુટીઇ.'
વિષ્ણુ વિના કુણ કરશઇ સાર ? 'કાઢ્યુ સાંઢ ચોર કુણુ વાહાર ?'
વિણુ નારાયણુ આણી રંગ, 'દીસઇ શવે વિસણીયા ચંગ.' ૪૮૭

બ્રહ્માંડ કોટી કોટી જંત, 'કાચ ભમરીડા મિણુહરિ તંત.'
જો શ્રુતિ સ્મૃત શાસ્ત્ર વાગ, 'ભૂલુ ઘણુ અહિરણિનઇ લાગ.'
વિષ્ણુ વિના એ સર્વ વિકાર, 'આવઇ શવે તલાવઈ બાર.' ૪૮૮

બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર થડાં, 'એ ખાખરઇ ત્રણ્ય પાનડાં.'
'સીંચઇ મૂલિ સર્વ સંતોષ, છાલી કાં નચાણી બિશિ પોષ.'
એહજ આવી રહ્યા અંતિ, જોયૂં શવિ મુનિ 'ઝીણૂં કંતિ'. ૪૮૯

આગઇ શવે મિલી ઈમ કીયૂં, 'સીસૂ મેહૂંઇ મોપીઊ'

'બ્રહ્માંડ કોટા કોટી કાઈં, અર્ક તૂલ પરિ ઉડયા જાઇ.'
બ્રહ્માંડ કોટિ જેહ તનિ વસ્યું, એહ 'સાલિ આહીસિ કિશું?' ૪૯૦
આગઇ એણુઈ અનેકચ ઉખયો, 'એ સિંધુનર દેઈ સયો.'
'સીંહરીઈ ઈમ ભાજઇ કાઈ? પૂછ પૂછતાં માલવિ જાઇ.'
'કીડી મરણ આવી યમ પંખ.' પીઝ્યા અહિશા આગલી સંખ.' ૪૯૧
એકજ હરી સમું હવં જોઇ, 'નાગી ભૂહિ છાંડવી સોઇ.'
સહુઇ કહિઉ વિશેષ ઉપાય; 'એ ધલકર માવવા જાઇ.'
એતાં પછી સગુરૂ શું કહઇ?' જુ ગલીઉ ઢાંઢુ થઇ રહઈ.' ૪૯૨
એનું કહિ નવિ જાણ્યું મર્મ, જાણે પાછલિ ઘણાં વિકર્મ.
પાછલિ કોડી જન્મ દુખ સહિ, 'હજી એ વહિકલઇ જલ વહઇ.
વલી વલી શુ ગુરૂ પામીઇ ' વીઈંા ગ્યાં મુડ કિહાં આંખીઇ? ' ૪૯૩
કહિણુ બોલઇ ગુરૂ તારણપાજ, ' એ કદ્ગ્મે કોડીબડે કાજ.'
પરમ પદાર્થ નુ નરતીઈ, 'ઢાવઇ યમણુ કરવા દીઇ.'
અણુપ્રતીતિ ફલ લહિશાહી અશું,'લંકાં સોનૂં આપણુઈ કિશું?'૪૯૪
જુ ગુરિ કીધુ એવડ સોર, ' માનઇ નહી ન સીગાં ઢોર.'
' ગુરૂતણાં ગાડાં દેખાડિ, લીધા નહીં ખડખડતી પાડી.'
'દૂધ તણાં ઘાટાં નવી ગમ્યાં, કિમ લાભઇ ફલ વિણુ દેહ દમ્યાં?૪૯૫
'માઈ વૃથા ધયું તે ગાભ, નાગા આવ્યા ત્રાગુ લાભ.'
માહિ જોઇ વિમાસી હીર, 'શાનાં થોડાં કિમ મન થીર?'
જાંણુઈ ઈમ મનૂ તે ઉગયું', 'ધામિણિની પરિ બિહુ મુખિ ચયું' ૪૯૬
આવીનઈ મન એહવૂં વસ્યુ, તાવનૂં તાવિત છૂટસ્યું. '
માન્યુ નહી અહંકારિ ધીગ,' પુત્ર આપણા એ પર ગોટીગ.'
' એ નુહઈ હાંસા હરસેહ, વ્યાધિ ગે વઈરી જ્યુ વેહ. ' ૪૯૭
' કાપરતાં ઉંટ ચવિ ફિરી, કપરાણી વાંસઇ ગાડરી. '
' કચાલ કાબરીયાં ચાવિ રચિઇ, ગાડાવાટ ગાડલી હસઇ. '
' કુકુ કોરિ કિમ બાંપી ચડાં, વેલા કિશાંઇ કાલીગડાં. ૪૯૮

જેતઇ મારગ શ્રુતિ વિણુ સુણી, ' વર્ત કાજલી નણુદ રૂપહણી '
' આય પ્રમાણિ સોગ ઉવલ્યુ, માંન્યુ પાણી દીવુ બલ્યુ. '
દુખિ તિ જે શંજમની હસઇ, 'કિકર ઉમી સાત્રુ લેટિસિ.' ૪૯૯
ઇમ જાંણી તીરથ વ્રત કીજ, તપ સંયમિ જપ એ હઠ લીધ.
' ચુહુટલાઇ વઇર કિમ વલઇ? ' જાં સ્વામી આજ્ઞા નવિ પલઇ.
મંડણ માગઇ સુખિ તૂં ભણી, 'પહિલૂં કલપી પરીઆટ તણી.' ૫૦૦

ઇતિ સેવાભિધાન વીશી

અપદર્શન વીશી.

વિષ્ણુ તણી આજ્ઞા નવિ ભંગ, ' જાણ્ઇ બોલ તણુ એ રંગ. '
જે કીજઇ અન્ય ઉપાય, ' અલતાનુ રંગ ઊતરિ જાઇ.'
અવિધ ખિરઈ કિમ આપદ ધરઇ? 'વાગુલિ ચાખ્યાં શું ઉગરઇ !' ૫૦૧
વિષ્ણુભકિત વિણુ ક્ષેપવિ દેહ, ' આગઇ રાગ અલણિ તેહ '.
' અંગુ સુણી પ્રવર્ત ન થાઇ.' તૂં શું આદરિ મન ઊજાઇ ?
જુ તૂં વનુ તેખઇ બહુ તડઈ, ' પાવનઇ પાહનુ નવિ ચડઇ.' ૫૦૨
ઉપદર્શનિ કર્યા જે ગ્રંથ, લેઇ માહિ પુરાણી સંથ.
લાગુ તે જાણી મન રાશિ, ' બાર સિદ્ધ ચાંદરણાં માસિ.'
વેદારથિ તનુ જો ભાવિકે, ' ખાધું તિહાં ભાણું ભાજીઇ:' ૫૦૩
જેઉ અપદર્શણ મનિ પુરી, 'ડાભા ક્યા કુણ અર્થિહિ કરી ?'
અંતરિ જોઇ ન એ વિચાર, ' ભૂમિ પડ્યા ભૂમિ આધાર. '
વેદ વિના જેયૂ તડફડી, ' નુહિ એ ગાંધીની પડી. ' ૫૦૪
વરતણ કાજિ વર્ત આદર્યુ, ' દાદા. રીજત ઉદર ભર્યું', '
પાઘલિ જોસિ કુણ તપાસ ? ' સાતે જામે દુઘર વાસ.
અંતર શું જાણઇ જન લોક, ' ગળણઇ પીડી ગોતાં ગોલ ! ' ૫૦૫